MANOGAT • Year-38 • Issue-16 • 25 November 2018 • Kartak Vad 3, Samvat 2074 • Yugabd 5120 • Price : Rs. 5/- • Pages : 28



# મનોગત



**એક તરફ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં વિકાસની નવી ગાથા આલેખનાર ભારતીય જનતા પાર્ટી તો બીજી તરફ એવું ગઠબંધન, જેનો ન કોઈ નેતા છે ન નિયત છે અને ના તો કોઈ સિદ્ધાંત**

# બંધારણનાં મૂલ્યોને આગળ વધારી આપણા દેશમાં પીસ, પ્રોગ્રેસ, પ્રોસ્પરિટી સુનિશ્ચિત કરીએ



૨૬ નવેમ્બર 'સંવિધાન દિવસ' છે. તે મહાન વિભૂતિઓને યાદ કરવાનો દિવસ, જેમણે આપણું બંધારણ બનાવ્યું. ૨૬ નવેમ્બર, ૧૯૪૯ના રોજ આપણા બંધારણને અપનાવાયું હતું. બંધારણ ઘડવાના આ ઐતિહાસિક કાર્યને પૂરું કરવામાં બંધારણસભાને ૨ વર્ષ ૧૧ મહિના અને ૧૭ દિવસો લાગ્યા. કલ્પના કરો કે ત્રણ વર્ષની અંદર જ આ મહાન વિભૂતિઓએ આપણને આટલું વ્યાપક અને વિસ્તૃત સંવિધાન આપ્યું. તેમણે જે અસાધારણ ગતિથી બંધારણનું નિર્માણ કર્યું તે આજે પણ ટાઇમ મેનેજમેન્ટ અને પ્રૉડક્ટિવિટીનું એક ઉદાહરણ છે. તે આપણને પણ આપણી જવાબદારીઓને રેકૉર્ડ સમયમાં પૂરી કરવા માટે પ્રેરિત કરે છે. બંધારણસભા દેશની મહાન પ્રતિભાઓનો સંગમ હતી, તેમાંથી દરેક વ્યક્તિ પોતાના દેશને એક એવું બંધારણ આપવા માટે પ્રતિબદ્ધ હતી જેથી ભારતના લોકો સશક્ત થાય, ગરીબમાં ગરીબ વ્યક્તિ પણ સમર્થ બને.

આપણા બંધારણમાં ખાસ વાત એ જ છે કે અધિકાર અને કર્તવ્ય એટલે કે રાઇટ્સ અને ડ્યૂટીઝ, તેના વિશે વિસ્તારથી વર્ણન કરવામાં આવ્યું છે. નાગરિકના જીવનમાં આ બંનેનો તાલમેળ દેશને આગળ લઈ જશે. જો આપણે બીજાના અધિકારોનું સન્માન કરીશું તો આપણા અધિકારોની રક્ષા આપોઆપ થઈ જશે અને આ રીતે જો આપણે બંધારણમાં આપવામાં આવેલાં પોતાનાં કર્તવ્યોનું પાલન કરીશું તો પણ આપણા અધિકારોની રક્ષા આપોઆપ જ થઈ જશે. મને અત્યારે પણ યાદ છે કે ૨૦૧૦માં જ્યારે ભારતના ગણતંત્રને ૬૦ વર્ષ પૂરાં થયાં હતાં ત્યારે ગુજરાતમાં અમે હાથી પર રાખીને બંધારણની શોભાયાત્રા કાઢી હતી. યુવાઓમાં બંધારણ વિશે જાગૃતિ વધારવા માટે અને તેમને બંધારણનાં પાસાંઓ સાથે જોડવાનો તે એક યાદગાર પ્રસંગ હતો. વર્ષ ૨૦૨૦માં એક ગણતંત્રના રૂપમાં આપણે ૭૦ વર્ષ પૂરાં કરીશું અને ૨૦૨૨માં આપણી સ્વતંત્રતાનાં ૭૫ વર્ષ પૂરાં થઈ જશે. આવો, આપણે બધાં આપણાં બંધારણનાં મૂલ્યોને આગળ વધારીએ અને આપણા દેશમાં પીસ, પ્રૉગ્રેસ, પ્રૉસ્પરિટી એટલે કે શાંતિ, પ્રગતિ અને સમૃદ્ધિને સુનિશ્ચિત કરીએ.

મારા પ્રિય દેશવાસીઓ, બંધારણસભા વિશે વાત કરતાં તે મહાપુરુષના યોગદાનને ક્યારેય ભુલાવી નહીં શકાય જે બંધારણસભાના કેન્દ્રમાં રહ્યા હતા. તે મહાપુરુષ હતા પૂજનીય ડૉ. બાબાસાહેબ આંબેડકર. ૬ ડિસેમ્બરે તેમનો મહાપરિનિર્વાણ દિવસ છે. હું બધા દેશવાસીઓની તરફથી બાબાસાહેબને નમન કરું છું જેમણે કરોડો ભારતીયોને સન્માનથી જીવવાનો અધિકાર આપ્યો છે. લોકતંત્ર બાબાસાહેબના સ્વભાવમાં વસેલું હતું અને તેઓ કહેતા હતા - ભારતનાં લોકતાંત્રિક મૂલ્યો ક્યાંય બહારથી નથી આવ્યાં. ગણતંત્ર શું હોય છે અને સંસદીય વ્યવસ્થા શું હોય છે - તે ભારત માટે ક્યારેય કોઈ નવી વાત નથી રહી. બંધારણસભામાં તેમણે એક ખૂબ જ ભાવુક અપીલ કરી હતી કે આટલા સંઘર્ષ પછી મળેલી સ્વતંત્રતાની રક્ષા આપણે પોતાના લોહીના છેલ્લા ટીપા સુધી કરવાની છે. તેઓ એમ પણ કહેતા હતા કે આપણે ભારતીયો ભલે અલગ-અલગ પૃષ્ઠભૂમિના હોઈએ, પરંતુ આપણે બધી ચીજોની ઉપર દેશહિતને રાખવું પડશે. ઇન્ડિયા ફર્સ્ટ - ડૉ. બાબાસાહેબ આંબેડકરનો આ જ મૂળમંત્ર હતો. ફરી એક વાર પૂજ્ય બાબાસાહેબને વિનમ્ર શ્રદ્ધાંજલિ.

મારા પ્રિય દેશવાસીઓ, બે દિવસ પહેલાં ૨૩ નવેમ્બરે આપણે બધાએ શ્રી ગુરુ નાનકદેવજીની જયંતી મનાવી છે અને આગામી વર્ષે એટલે કે ૨૦૧૯માં આપણે તેમનું ૫૫૦મું પ્રકાશપર્વ મનાવવા જઈ રહ્યા છીએ. ગુરુ નાનકદેવજીએ હંમેશાં સમગ્ર માનવતાના કલ્યાણ માટે જ વિચાર્યું. તેમણે સમાજને હંમેશાં સત્ય, કર્મ, સેવા, કરુણા અને સૌહાર્દનો માર્ગ દેખાડ્યો. દેશ આગામી વર્ષે ગુરુ નાનકદેવજીની ૫૫૦મી જયંતી સમારોહને ભવ્ય રૂપમાં મનાવશે. તેનો રંગ દેશ જ નહીં, દુનિયાભરમાં વિખરાશે. બધી રાજ્ય સરકારો અને કેન્દ્ર શાસિત પ્રદેશોને પણ આ અવસરને ધામધૂમથી મનાવવાનો અનુરોધ કરાયો છે. આ રીતે ગુરુ નાનકદેવજીની સાથે જોડાયેલા પવિત્ર સ્થળોના માર્ગ પર એક ટ્રેન પણ ચલાવાશે. હમણાં જ જ્યારે હું તેને સંબંધિત એક બેઠક કરી રહ્યો હતો તો મને તે સમયે લખપત સાહિબ ગુરુદ્વારાની યાદ આવી. ગુજરાતના ૨૦૦૧ના ભૂકંપ દરમિયાન તે ગુરુદ્વારાને ખૂબ જ નુકસાન થયું હતું, પરંતુ જે રીતે સ્થાનિક લોકો સાથે મળીને રાજ્ય સરકારે તેનો જીર્ણોદ્ધાર કરાવ્યો તે આજે પણ એક ઉદાહરણ છે.

**ભારત સરકારે એક મહત્ત્વપૂર્ણ નિર્ણય કર્યો છે, કરતારપુર કૉરિડોર બનાવવાનો, જેથી આપણા દેશના યાત્રીઓ સરળતાથી પાકિસ્તાનમાં, કરતારપુરમાં ગુરુ નાનકદેવજીના તે પવિત્ર સ્થળ પર દર્શન કરી શકે.**

Year 37 • Issue 16 • Pages 28


- વિજય લક્ષ્ય-૨૦૧૯, યુવા મહાઅધિવેશન ૪
- દેશના પ્રથમ વોટર વે ટર્મિનલનું વારાણસીમાં લોકાર્પણ ૭
- ભાજપા કેન્દ્ર સરકારની ઉપલબ્ધિઓ ૮
- સરદાર જન્મભૂમિ નડિયાદ ખાતે રાજયવ્યાપી એકતાયાત્રાનું સમાપન ૧૧
- ગુજરાતનો દરિયાકિનારો ગુજરાતની સમૃદ્ધિનાં નવાં દ્વાર ખોલશે ૧૪
- 'કચ્છ હો યા ગૌહાતી, અપના દેશ - અપની માટી' રાષ્ટ્ર માટે - દેશ માટે જીવી જાણીએ - શ્રી વિજયભાઈ રૂપાણી ૧૬
- ૨૦૨૨ સુધીમાં કોલ્ડ સ્ટોરેજ સંગ્રહક્ષમતા ૩૦ લાખ મેટ્રિક ટન કરવાની નેમ ૧૭
- ફૂડ એગ્રો ઈન્ફ્રાસ્ટ્રક્ચર મેગા ફૂડ પાર્ક ૧૯
- ગુજરાતને બેસ્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર એવોર્ડ ૨૧
- ૨૬ નવેમ્બર : બંધારણ દિન ૨૩



પત્રવ્યવહાર કાર્યાલય

**મનોગત પાક્ષિક**

**ભારતીય જનતા પાર્ટી-ગુજરાત પ્રદેશ**

દીનદયાળ ભવન, જે.પી. ચોક,

ખાનપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧

**ફોન : ૦૭૯-૨૫૫૦૪૫૨૨**


E-mail : manogat.1980@gmail.com

**તંત્રી મુદ્રક પ્રકાશક :**

**સુરેન્દ્રભાઈ મોતીલાલ પટેલે ભારતીય જનતા પાર્ટી-ગુજરાત વતી એલાઈડ ઑફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ., ૧૪/૨, કાલિદાસ મિલ કંપાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૩૮૦૦૨૧ ખાતે છપાવી ભારતીય જનતા પાર્ટી-ગુજરાત પ્રદેશ કાર્યાલય, દીનદયાળ ભવન, જે. પી. ચોક, ખાનપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧ થી પ્રગટ કર્યું.**

**Editor : Printer : Publisher :**

Surendrabhai Motilal Patel on behalf of Bharatiya Janta Party-Gujarat Pradesh Printed at Allied Offset Printers (Gujarat) Pvt. Ltd., 14/2, Kalidas Mill Compound, Gomtipur, Ahmedabad and Published from Bharatiya Janta Party-Gujarat Pradesh J.P.Chowk, Khanpur, Ahmedabad-380001.

## તંત્રીસ્થાનેથી

# ગુજરાતનાં ભવ્ય યાત્રાધામો આપણી સાંસ્કૃતિક વિકાસધારાનો પ્રતિઘોષ

પ્રિય કાર્યકર્તા બંધુ/ભગિની,

નમસ્કાર.

દીપાવલીનાં પર્વો પૂરાં થયાં. નવા વર્ષની શુભ શરૂઆત પણ થઈ ગઈ.

ગુજરાતીઓમાં તહેવારોમાં ધાર્મિક સ્થળે દર્શનાર્થે જવાનો મહિમા પરંપરાગત ઉત્સાહ અને ભાવનાવર્ધક રહ્યો છે. એક સર્વે મુજબ આ તહેવારોમાં ૯૦% સુધીના ગુજરાતીઓ કોઈ ને કોઈ ધાર્મિક સ્થળે જતા જ હોય છે. મિત્રો, યાદ કરો ભાજપ સરકાર કે જે-તે ટ્રસ્ટમાં ભાજપની વિચારધારાના લોકો ન હતા ત્યારના ગુજરાતનાં ધાર્મિક સ્થળો અને આજના આ જ ધાર્મિક સ્થળો કેટલાં ભિન્ન લાગે છે.

ઉત્તર ગુજરાતમાં - અંબાજી, બહુચરાજી, શામળાજી અને સિદ્ધપુર. સૌરાષ્ટ્રમાં - સોમનાથ, દ્વારકા, બેટદ્વારકા, પાલિતાણા અને જૂનાગઢ (ગિરનાર), મધ્ય ગુજરાતમાં - પાવાગઢ, ડાકોર, ચાણોદ-કરનાલી અને હવે વડતાલ પણ. કચ્છમાં - કોટેશ્વર, આશાપુરા, દત્તમંદિર અને નારાયણ સરોવર. દક્ષિણ ગુજરાતમાં - શબરીધામ, પંપા સરોવર અને અંજનિકુંડ વગેરે વગેરે.

આ તમામ પવિત્ર યાત્રાધામોમાં ટ્રસ્ટ અને સરકારના પ્રયાસોથી યાત્રાધામો પોતે તો ભવ્ય અને દિવ્ય બન્યાં જ છે, સાથે - સાથે આજુબાજુના પરિસરો પણ સુંદર-સ્વચ્છ અને સુવિધાયુક્ત બન્યાં છે. અગાઉનો અને અત્યારનો એક સ્પષ્ટ ભેદ આપણે સૌ આજે અનુભવી શકીએ છીએ.

સુપ્રસિદ્ધ ઉમિયાધામ અને ખોડલધામને પણ પ્રાથમિક આંતરમાળખાકીય સુવિધાઓ કે આસપાસની જગ્યામાં 'શક્તિવન' બનાવવાના સતકાર્યની તક આપણને સાંપડી છે.

આજે મારો કહેવાનો ભાવાર્થ એટલો જ છે કે, આ યાત્રાધામોનો વિકાસ પોતે જ આપણી સંસ્કૃતિમાં રહેલી આપણી શ્રદ્ધાનો દૃશ્ય પુરાવો તો છે જ, સાથે-સાથે આપણા લોકોના જોડાવાથી ભવ્ય બનેલાં આ યાત્રાધામો એ 'દિવ્ય વિકાસ'ની અનુભૂતિ પણ પ્રગટ કરે છે.

આપણાં યાત્રાધામોને વધારે સારાં રાખવા આવો, આપણે આપણી શ્રદ્ધામાં સ્વચ્છતાનો દીપક વધુ પ્રજ્વલિત કરીએ.

વંદે માતરમ્.

- સુરેન્દ્ર પટેલ



# રાહુલ ગાંધી - આપની ચાર પેઢીઓએ દેશના વિકાસ માટે કશું નથી કર્યું અને તમે, પોતાની પળ પળ અને ક્ષણ ક્ષણનો હિસાબ આપનારી ભાજપા સરકાર પર આરોપ લગાવો છો ! - શ્રી અમિતભાઈ શાહ

ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી અમિતભાઈ શાહે પરેડ ગ્રાઉન્ડ, સિકંદરાબાદ (તેલંગાણા)માં ભાજપા યુવા મોરચા આયોજિત 'વિજય લક્ષ્ય-૨૦૧૯, યુવા મહાઅધિવેશન'ને સંબોધિત કર્યું અને પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના નેતૃત્વમાં કેન્દ્રની ભાજપા સરકાર દ્વારા યુવાનોના ઊજળા ભવિષ્ય માટે ચલાવવામાં આવેલા કાર્યક્રમો પર વિસ્તારથી ચર્ચા કરી.

ભાજપાના અધ્યક્ષશ્રીએ કહ્યું કે આજે યુવા મહાકુંભનું આ અદ્ભુત દૃશ્ય જોઈને એ સ્પષ્ટ પ્રતીતિ થાય છે કે ૨૦૧૯માં દેશમાં થનારી સામાન્ય ચૂંટણીઓનું પરિણામ નિશ્ચિત છે. ૨૦૧૪થી પણ વધુ બહુમતી સાથે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી ફરીથી પ્રધાનમંત્રી બનશે. તેમણે કહ્યું કે બે દિવસ પછી ૩૧ ઑક્ટોબરના રોજ દેશની એકતા તથા અખંડતાના પ્રણેતા સરદાર પટેલની જન્મજયંતી છે અને એ જ દિવસે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી, સરદાર પટેલજીની દુનિયાની સૌથી ઊંચી પ્રતિમાનું અનાવરણ કરવાના છે. તેમણે કહ્યું કે તેલંગાણાની આ પવિત્ર ભૂમિ પર સરદાર પટેલે સિંહનાદ કર્યો હતો કે જેઓ ભારતમાં રહેવા નથી માગતા તેમને માટે ભારતમાં કોઈ જગ્યા નથી. તેમણે કહ્યું કે અહીં વીર જવાનોએ નિઝામ અને તેના અત્યાચારી રઝાકારોનો અડગતાપૂર્વક સામનો કર્યો હતો, અને જ્યારે સરદાર પટેલ અહીં આવ્યા ત્યારે રઝાકારોને પૂંછડી દબાવીને ભાગવું પડ્યું હતું.

તેમણે કહ્યું કે સ્વતંત્રતાપ્રાપ્તિ પછી રઝાકારોના ભયાનક જુલ્મોની સામે અહીંની જનતાએ જે બલિદાન આપ્યાં, તેમના સન્માનમાં ૧૭ સપ્ટેમ્બરના રોજ પ્રતિવર્ષ 'હૈદરાબાદ મુક્તિ દિવસ' ઊજવવામાં આવે છે. પરંતુ એઆઈએમઆઈએમ અને ઔવેસીના ડરથી ટીઆરએસ સરકારે ૧૭ સપ્ટેમ્બરના રોજ 'હૈદરાબાદ મુક્તિ દિવસ' ઊજવવાનું બંધ કરી દીધું છે, આનાથી મોટી દુર્ભાગ્યની વાત બીજી કોઈ ના હોઈ શકે. તેમણે કહ્યું કે હવે તેલંગાણામાં પણ સરકાર બદલાઈ જશે અને શ્રી નરેન્દ્રભાઈ મોદી ફરીથી દેશના વડાપ્રધાન બનશે. આપણે દરેક વર્ષે ૧૭મી સપ્ટેમ્બરે 'હૈદરાબાદ મુક્તિ દિવસ'ની ઉજવણી માટે ભવ્ય કાર્યક્રમો આયોજિત કરીશું અને દેશની અખંડતા માટે બલિદાન આપનારા વીર શહીદોને શ્રદ્ધાંજલિ આપીશું.

તેમણે કહ્યું કે સુભાષચંદ્ર બોઝે સ્વતંત્રતા સંગ્રામ વખતે દેશના યુવાનોને આહ્વાન કરતાં કહ્યું હતું કે - 'તમે મને ખૂન આપો, હું તમને આઝાદી આપીશ.' આજે દેશ આઝાદ છે. જ્યારે દેશની આઝાદી માટે બલિદાન આપવાનો સમય હતો, આપણા વીર યુવાનોએ પોતાના પ્રાણોની આહુતિ આપી દીધી. હવે સમય છે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશના પુનર્નિર્માણ માટે કામ કરવાનો. તેમણે આપણી સમક્ષ બે વિકલ્પ મૂક્યા છે - એક તરફ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં વિકાસની નવી ગાથા આલેખનાર ભારતીય જનતા પાર્ટી, તો બીજી તરફ એવું મહાગઠબંધન, જેનો ન કોઈ નેતા છે, ન નિયત છે અને ના તો કોઈ સિદ્ધાંત. આપણે આવા હાથોમાં દેશની બાગડોર સોંપી ના શકીએ. તેમણે કહ્યું કે આપણે બધાએ મળીને પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશના નવનિર્માણ માટે સંગઠિત થઈ જવું જોઈએ.

કોંગ્રેસ અધ્યક્ષને આડે હાથ લેતાં ભાજપા અધ્યક્ષશ્રીએ કહ્યું કે રાહુલ ગાંધી અવારનવાર કહેતા હોય છે કે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ચાર વર્ષમાં શું કર્યું ? અરે રાહુલ ગાંધી, આપની ચાર પેઢીઓએ દેશના વિકાસ માટે કશું નથી કર્યું અને તમે, પોતાની પળ પળ અને

ક્ષણ ક્ષણનો હિસાબ આપનારી ભાજપા સરકાર પર આરોપ લગાવો છો ?! તેમણે કહ્યું કે દેશની જનતા કોંગ્રેસનાં જૂઠાં કારનામાંઓથી વાકેફ છે અને જનતા આવનારી ચૂંટણીઓમાં તેનો આકરો જવાબ આપશે. તેમણે કહ્યું કે આઝાદી પછી ૫૫ વર્ષથી પણ વધુ સમય સુધી દેશમાં કોંગ્રેસની સરકાર રહી, પરંતુ આઝાદીનાં ૭૦ વર્ષ પછી પણ દેશની લગભગ ૫૦ કરોડ જેટલી વસ્તી પાયાની જરૂરિયાતોની મોહતાજ હતી. તેમણે કહ્યું કે મોદી સરકારે દેશના ૫૦ કરોડ લોકોના જીવનસ્તરને ઊંચે લાવવાનું અભૂતપૂર્વ કામ કર્યું છે. તેમણે કહ્યું કે લગભગ ૩૨ કરોડ જન-ધન ખાતાં ખોલવામાં આવ્યાં છે, લગભગ ૫ કરોડ ગરીબ માતાઓને ગેસ કનેક્શન ઉપલબ્ધ કરાવવામાં આવ્યાં. ૧૭ કરોડ શૌચાલયોનું નિર્માણ કરવામાં આવ્યું, ૨ કરોડ ઘરોમાં વીજળી પહોંચાડવામાં આવી, ગરીબો માટે બે કરોડ પાકાં મકાનો બનાવવામાં આવ્યાં, ૧૩ કરોડ બાળકો અને ગર્ભવતી માતાઓને ટીકાકરણ કરવામાં આવ્યું અને લગભગ ૧૩ કરોડ લોકોને મુદ્રા બેંક યોજનાના માધ્યમથી સ્વરોજગાર ઉપલબ્ધ કરાવવામાં આવ્યા. તેમણે કહ્યું કે રાહુલ ગાંધીએ બોલતાં પહેલાં કોંગ્રેસની સરકારોનો ઇતિહાસ ચકાસી લેવો જોઈએ.

શ્રી અમિતભાઈ શાહે કહ્યું કે ભાજપાના શાસનકાળમાં રાજ્યના દરેક ગામડામાં ૨૪ કલાક વીજળી, દરેક ઘરમાં ગેસ, દરેક ઘરમાં શૌચાલય, દરેક ગામ સુધી રસ્તા અને પીવાનું પાણી પહોંચ્યું છે. તેમણે કહ્યું કે ખેડૂતોની આવકને બમણી કરવાના લક્ષ્યની દિશામાં ઠોસ કદમ ભરવાની સાથે મોદી સરકારે પાક ઉત્પાદનના ન્યૂનતમ સમર્થન મૂલ્યને ખર્ચ થયેલ મૂલ્યથી દોઢગણું કરવાનો નિર્ણય કર્યો છે. સાથે જ ગરીબોના સ્વાસ્થ્યની ચિંતા કરતાં આયુષ્માન ભારત યોજના પણ લાગુ કરવામાં આવી છે, જેથી ગરીબોને પ્રતિવર્ષ પાંચ લાખ રૂપિયાની સ્વાસ્થ્ય-સુવિધાઓ મફતમાં મળી શકે.

મોદી-વિરોધના મુદ્દા પર અવસરવાદી પક્ષોની મહાગઠબંધનની તલાશ પર કટાક્ષ કરતાં રાષ્ટ્રીય અધ્યક્ષશ્રીએ કહ્યું કે મહાગઠબંધન કેવળ એક આભાસ છે, તેનું કોઈ અસ્તિત્વ નથી. તેમણે કહ્યું કે મહાગઠબંધનમાં સામેલ નેતાઓનો ઉદ્દેશ ન તો દેશમાંથી ગરીબી, બેરોજગારી અને ભ્રષ્ટાચારને હટાવવાનો છે અને ન તો દેશના દુશ્મનોને હરાવવાનો છે. તેમનો એકમાત્ર એજન્ડા પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈને હરાવવાનો છે. તેમણે કહ્યું કે આ પાર્ટીઓ અને તેના નેતાઓના એજન્ડામાં દેશ ક્યાંય નથી. જેમના એજન્ડામાં કેવળ વોટ બેંક અને તુષ્ટીકરણની રાજનીતિ કરીને જનતાના વોટ આંચકી લેવાની વાત હોય એવી પાર્ટી અને એવા નેતા દેશનું શું ભલું કરી શકશે ? તેમણે કહ્યું કે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી 'મેક ઇન ઇન્ડિયા' માટે કામ કરે છે, તો કોંગ્રેસ એન્ડ કંપની 'બ્રેક ઇન ઇન્ડિયા' માટે. તેમણે ભારપૂર્વક કહ્યું કે મહાગઠબંધનને કોઈ જનાધાર નથી. તેનાથી ચૂંટણીનાં પરિણામો પર કોઈ અસર પડવાની નથી. ચાહે તેઓ બધા એક થઈને કેમ શ્રી નરેન્દ્રભાઈ મોદીની વિરુદ્ધમાં લડે, પરંતુ દેશની જનતા ભાજપાની સાથે છે.

ભાજપા અધ્યક્ષશ્રીએ કહ્યું કે રાહુલ ગાંધી જીતનું દિવાસ્વપ્ન જોઈ રહ્યા છે. તેમણે કહ્યું કે ૨૦૧૪ની લોકસભા ચૂંટણીઓ પછી દેશમાં જેટલી પણ ચૂંટણીઓ થઈ તે બધી ચૂંટણીઓમાં ભાજપાની ઐતિહાસિક જીત થઈ છે અને કોંગ્રેસ પાર્ટીની શર્મનાક હાર. આવનારી પાંચ રાજ્યોની વિધાનસભાની ચૂંટણી અને ૨૦૧૯માં લોકસભાની થનાર ચૂંટણીમાં કોંગ્રેસની કારમી હાર નિશ્ચિત છે. રાહુલ ગાંધીની પ્રધાનમંત્રી બનવાની મહત્ત્વાકાંક્ષા પર નિશાન સાધતાં તેમણે કહ્યું કે કર્ણાટક વિધાનસભાની ચૂંટણીઓ દરમ્યાન રાહુલ ગાંધીએ કહ્યું હતું કે તેમના ગઠબંધનને બહુમત મળવાથી હું પ્રધાનમંત્રી બનીશ. રાહુલ ગાંધીની વાત પૂરી પણ નહોતી થઈ કે કોંગ્રેસની સહયોગી પાર્ટીના નેતાઓએ રાહુલ ગાંધીને પોતાના નેતા માનવાનો ઇનકાર કરી દીધો. શ્રી શાહે કહ્યું કે રાહુલ ગાંધી, આપના ગઠબંનના નેતાઓ તો આપને પોતાના નેતા પહેલેથી જ માનતા નથી. હવે તો આપની કોંગ્રેસ પાર્ટીના નેતાઓએ પણ કહી દીધું છે કે રાહુલ ગાંધી પ્રધાનમંત્રી પદનો ચહેરો નથી.

તેમણે કહ્યું કે કોંગ્રેસ પાર્ટીનું ચરિત્ર સમજમાં આવતું નથી. ક્યારેક તે જેએનયુમાં દેશદ્રોહી નારા લગાવનારાઓ સાથે ઊભી રહી જાય છે, તો ક્યારેક પ્રધાનમંત્રીની હત્યાનું ષડયંત્ર રચનારાઓની સાથે. તેમણે કહ્યું કે અભિવ્યક્તિ સ્વાતંત્ર્યનું સમર્થન અમે કરીએ છીએ, પણ જો કોઈ ભારતવર્ષને તોડવાનું ષડયંત્ર કરશે, તો તેને કાનૂની રાહે જેલના સળિયાની પાછળ ધકેલી દેવામાં આવશે. તેમણે કહ્યું કે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કેન્દ્રની ભારતીય જનતા પાર્ટી સરકારે દેશના યુવાનોના ઊજળા ભાવિ માટે સ્કિલ ઇન્ડિયા, સ્ટાર્ટ-અપ ઇન્ડિયા, સ્ટેન્ડ-અપ ઇન્ડિયા જેવી ઘણી યોજનાઓને અમલમાં મૂકીને યુવાઓને જોબ સીકરના બદલે જોબ ક્રિએટર બનાવવાનું કામ કર્યું છે. તેમણે યુવા મોરચાઓના કાર્યકરોને અહ્વાન કરતાં કહ્યું કે આપે આરોપોનો જવાબ પરિશ્રમથી જ આપવાનો છે. તેમણે કહ્યું કે યુવા મોરચાના કાર્યકર્તા પૂનમ મહાજનજીના નેતૃત્વમાં ઘેર ઘેર જઈને પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના સંદેશને પ્રજા સુધી પહોંચાડે.

# આપણા કાર્યકરોનું બલિદાન ભારતને પુનઃ વિશ્વગુરુના પદ પર પ્રતિષ્ઠિત કરશે - શ્રી અમિતભાઈ શાહ

અધ્યક્ષ શ્રી અમિતભાઈ શાહે કુન્નુર, કેરળમાં ભાજપાના નવા જિલ્લા કાર્યાલયનું ઉદ્‌ઘાટન કરતાં જનસભાને સંબોધિત કરી. તેમણે કેરળની કમ્યુનિસ્ટ સરકાર પર ભારતની મહાન પરંપરા અને સંસ્કૃતિનું અપમાન કરવાનો આરોપ લગાવ્યો અને મુખ્યમંત્રી પી. વિજયનને ભગવાન અયપ્પાના ભક્તો પર અત્યાચાર બંધ કરવા માટે ચેતવણી આપી. શ્રી અમિતભાઈ શાહે કહ્યું કે આજનો દિવસ ભાજપા અને દેશભરના પાર્ટી કાર્યકર્તાઓ માટે ઘણો શુભ દિવસ છે, કારણ કે કન્નુરમાં બનેલું પાર્ટી કાર્યાલય આજે બધા સામે પ્રસ્તુત છે, જે આપણી વિચારધારાનો સ્તંભ છે. તેમણે કહ્યું કે કુન્નુરમાં આપણા ૧૨૦થી વધુ કાર્યકર્તાઓએ પોતાના પ્રાણની આહુતિ આપીને પાર્ટીની વિચારધારાને મજબૂત કરવાનો નિરંતર સંઘર્ષ કર્યો છે. આપણા કાર્યકર્તાઓનું બલિદાન ભારતને પુનઃ વિશ્વગુરુ પદ પર પ્રતિષ્ઠિત કરશે.

તેમણે કહ્યું કે કેરળમાં આસ્થા, શ્રદ્ધા અને ધર્મ પર કમ્યુનિસ્ટ પાર્ટીની વિજયન સરકારનું દમનચક્ર ચાલી રહ્યું છે. કેરળની કમ્યુનિસ્ટ સરકાર દ્વારા રાજ્યમાં ઈમરજન્સી જેવી પરિસ્થિતિ થઈ ગઈ છે. તેમણે કહ્યું કે કેરળમાં ભક્ત, શ્રદ્ધાળુ અને રાજ્યની જનતા પોતાની આસ્થા અને પરંપરાઓની રક્ષા માટે સંઘર્ષ કરી રહી છે, ત્યારે કેરળની કમ્યુનિસ્ટ સરકાર તેમની પર દમનનો દોર ચલાવી રહી છે. તેમણે કહ્યું કે કેરળની કોમ્યુનિસ્ટ સરકારે આજ સુધીમાં ભાજપા પરિવાર અને આપણી સહયોગી સંસ્થાઓના ૨૦૦૦થી વધુ કાર્યકર્તાઓને ખોટી રીતે ડેમેજ ઓફ પબ્લિક પ્રોપર્ટી એક્ટમાં ફસાવીને જેલમાં ધકેલી દીધા છે.


તેમણે કહ્યું કે આર્ટિકલ ૧૪ની દુહાઈ આપવામાં આવે છે, જ્યારે આર્ટિકલ ૨૫ અને ૨૬માં મને પણ મારા ધર્મ અનુસાર જીવવાનો અધિકાર છે. આખરે એક ફંડામેન્ટલ રાઈટ બીજા ફંડામેન્ટલ રાઈટને ઓવરટાઈટ કેવી રીતે કરી શકે ? તેમણે કહ્યું કે કોર્ટના કેટલાય એવા ચુકાદા આવ્યા છે જેનો આજ સુધી અમલ થઈ શક્યો નથી. જલ્લી-કટ્ટુ મસ્જિદો પર માઈકથી થતી અઝાન, દહી-હાંડીમાં હાઈટ રિસ્ટ્રિક્શન, બનારસમાં શિયા-સુન્ની કબ્રસ્તાનનો વિવાદ અને ભગવાન સ્વામી પદ્મનાથના સાતમા દ્વારને ખોલવાના જજમેન્ટ પર આજ સુધી અમલ થઈ શક્યો નથી. કેરળના મુખ્યમંત્રીને પ્રશ્ન પૂછતાં તેમણે કહ્યું કે શું કેરળના મુખ્યમંત્રી પી. વિજયન કોર્ટના મસ્જિદોમાં માઈક પર અઝાનના ચુકાદાનો અમલ કરાવશે ? શું તેમનામાં આ અમલ કરાવવાનું સાહસ છે ? જ્યારે પી. વિજયન આ નથી કરી શકતા તો પછી ભગવાન અયપ્પાના ભક્તો પર અત્યાચાર કરવામાં કેમ આવે છે ?

રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઈ શાહે કહ્યું કે આપણી સંસ્કૃતિમાં બધાં જ અનુષ્ઠાનોમાં મહિલાઓને પૂજનીય માનવામાં આવે છે. આપણે મહિલાઓને દેવી અને ભગવતીના રૂપમાં પૂજીએ છીએ. આપણે હંમેશાં મહિલાનું સન્માન કર્યું છે, આદર કર્યો છે. તેમણે કહ્યું કે આપણી સંસ્કૃતિમાં કેટલાય પ્રકારની પરંપરાઓ છે. દેશમાં એવાં કેટલાંય મંદિરો છે જે અલગ અલગ માન્યતાઓ તથા પરંપરાઓના આધાર પર ચાલે છે. તેમણે કહ્યું કે દેશભરમાં એવાં કેટલાંય મંદિર છે જ્યાં કેવળ મહિલાઓને જ પ્રવેશ મળે છે, પુરુષોના પ્રવેશ પર નિષેધ છે. સ્ત્રી-પુરુષ સમાનતા કોઈ પણ મંદિરમાં દર્શન કરવાથી આવતી નથી. આપણે બાળવિવાહ, સતીપ્રથા, બહુવિવાદ જેવા કેટલાય સુધારા સ્વયં કર્યા. સબરીમાલામાં ભગવાન અયપ્પાના બ્રહ્મચર્ય સ્વરૂપની પૂજા કરવામાં આવે છે, એટલા માટે આપણે અહીંથી આસ્થા અને પરંપરાઓનું પણ સમ્માન કરવું જોઈએ. કેરળની માતાઓ અને બહેનો પોતે જ કહે છે કે ૧૦થી ૫૦ વર્ષની આયુ ધરાવતી મહિલાઓનો પ્રવેશ સબરીમાલા મંદિરમાં થવો ન જોઈએ અને કમ્યુનિસ્ટ સરકાર ભગવાન અયપ્પાના ભક્તો પર ઘોર અત્યાચાર કરી રહી છે.

શ્રી અમિતભાઈ શાહે કહ્યું કે જ્યાં આસ્થાનો પ્રશ્ન છે, ભાજપાના કાર્યકર્તા ભક્તોની સાથે ચટ્ટાનની જેમ ઊભા રહેશે. તેમણે વિજયન સરકાર પર નિશાન સાધતાં કહ્યું કે કમ્યુનિસ્ટ સરકાર જેટલું ધ્યાન ભગવાન અયપ્પાના ભક્તો પર અત્યાચાર કરવામાં આપી રહી છે એટલું ધ્યાન જો કેરળની જનતાના કલ્યાણ માટે આપે તો આજે રાજ્યના ખેડૂતોની બદતર હાલત ના હોત. તેમણે કહ્યું કે કેન્દ્ર સરકારે કેરળમાં વિકાસ માટે કેટલીય પરિયોજનાઓ આપી છે, પરંતુ તે યોજનાઓને પાર પાડવા માટે મુખ્યમંત્રી વિજયન પાસે સમય નથી, પરંતુ ભગવાન અયપ્પાના ભક્તો પર દમન ગુજારવા માટે સમય છે. તેમણે કહ્યું કે કેરળના મુખ્યમંત્રી પી. વિજયનને એક પળ માટે પણ મુખ્યમંત્રી પદ પર રહેવાનો અધિકાર નથી. તેમણે તરત જ રાજીનામું આપી દેવું જોઈએ. તેમણે કેરળની જનતાને ભારતીય જનતા પાર્ટી સાથે જોડાવાની અપીલ કરતાં કહ્યું કે ભારતની મહાન સંસ્કૃતિ, ધર્મ, આસ્થા અને પરંપરાઓની રક્ષા માટે આપ ભારતીય જનતા પાર્ટીનું સમર્થન કરશો એવી આશા.

•

**ગંગા નદીના કિનારે આવેલાં ગામડાંઓ જાહેરમાં શૌચાલયથી મુક્ત થઈ ગયાં**






# દેશના પ્રથમ વોટર વે ટર્મિનલનું વારાણસીમાં લોકાર્પણ

શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગંગા પર બનેલા મલ્ટી મોડલ ટર્મિનલનું ઉદ્‌ઘાટન કર્યું હતું. આ દરમિયાન મુખ્ય પ્રધાન આદિત્યનાથ અને કેન્દ્રીય પ્રધાન નીતિન ગડકરી પણ હાજર રહ્યા હતા. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કાશીને ૨૪૧૩ કરોડ રૂપિયાની યોજનાઓ આપી હતી.

તેમણે જણાવ્યું કે વારાણસીમાં નેચર, કલ્ચર અને એડવેંચરનો સુમેળ જોવા મળશે. આજનો દિવસ ઐતિહાસિક છે કેમ કે વારાણસી વિકાસ કરી રહ્યું છે, આ વિકાસ વર્ષો પહેલાં જ થઈ જવો જરૂરી હતો. હવે દેશ માત્ર વિકાસની રાજનીતિ ઇચ્છે છે જ્યારે મતબેંકની રાજનીતિને લોકો જાકારો આપશે.

તેમણે જણાવ્યું કે આઝાદી બાદ જળમાર્ગો પર બહુ ધ્યાન આપવામાં નથી આવ્યું, જે કામ વર્ષો પહેલાં થઈ જવું જોઈતું હતું તે હવે થઈ રહ્યું છે. મલ્ટિ ટર્મિનલ જ્યારે પણ રો રો સર્વિસ શરૂ કરવામાં આવશે ત્યારે લાંબુ અંતર કાપવામાં લોકોને એક નવો વિકલ્પ મળી રહેશે. જેટલો સામાન હાલ જળ માર્ગેથી આવી રહ્યો છે તેને જો જમીન માર્ગેથી લાવવામાં આવ્યો હોત તો ખર્ચ વધી જાત અને તેને લાવવા માટે ૧૬ ટ્રક લગાવવી પડત. એટલે પ્રતિ કંટેનર લગભગ સાડા ચાર હજાર રૂપિયાની બચત થઈ રહી છે.

નેશનલ વોટર વે ચાર રાજ્યો ઉત્તર પ્રદેશ, બિહાર, ઝારખંડ અને પશ્ચિમ બંગાળ થઈને પસાર થશે. તેનાથી કોલકાતા, પટના, હાવડા, સાહિબગંજ, વારાણસી જેવાં શહેરો પણ જળમાર્ગેથી જોડાશે. વોટર વે પર ચાર મલ્ટિ મોડલ ટર્મિનલ વારાણસી, સાહિબગંજ, ગાજીપુર અને હલ્દિયા બનાવવામાં આવ્યા છે. જળમાર્ગેથી ૧૫૦૦થી ૨૦૦૦ મેટ્રિક ટન ક્ષમતાવાળાં જહાજો ચલાવવા માટે કેપિટલ ડ્રેજિંગ માટે ૪૫ મીટર લાંબી ગંગા ચેનલ તૈયાર કરવામાં આવી છે.

શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કહ્યું કે અમારી સરકારે આમ આદમીની સમસ્યાઓ અને જરૂરિયાત પર ધ્યાન આપ્યું છે જેમ કે સફાઈ અને સ્વચ્છતા તેમજ સ્વાસ્થ્ય વગેરે. અમે આમ આદમીની જરૂરિયાતો પર અતિ ગંભીરતાથી કામ કર્યું છે. ૨૦૧૪ પહેલાં ગ્રામીણ સ્વચ્છતા ૪૦ ટકા ઓછી હતી, જે હવે સ્વચ્છતા તરફ વધી રહી છે. અને ૯૫ ટકા ગામડાંને સ્વચ્છ કરી દેવામાં આવશે તેમ તેમણે કહ્યું હતું.

શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આ સાથે જ બે રોડનું પણ ઉદ્‌ઘાટન કર્યું હતું જે આશરે ૩૪ કિ.મી. સુધી બનાવવામાં આવ્યો છે. અને બાંધકામ પાછળ ૧૫૭૧.૯૫ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. ૧૬.૫૫ કિ.મી. લાંબા વારાણસી રિંગ રોડ ફેઝ-૧ને બનાવવા પાછળ ૭૫૯.૩૬ કરોડ રૂપિયાનો ખર્ચ થયો હતો જ્યારે બાપતપુર-વારાણસીના ૧૭ કિમી લાંબા રોડને બનાવવા પાછળ ૮૧૨ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો હતો.

આ રોડની મદદથી બૌદ્ધિષ્ઠ યાત્રાળુઓ માટે મહત્ત્વના સ્થળ સારનાથ જવામાં સરળતા રહેશે. જ્યારે વારાણસીમાં ૪૨૫ કરોડના ખર્ચે સેવેજ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ અને ૭૨.૯૧ કરોડના ખર્ચે રામનગરમાં વધુ એક પ્રોજેક્ટના નિર્માણનું ઉદ્‌ઘાટન કર્યું હતું. શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું કે ગંગા નદીના કિનારે આવેલાં ગામડાંઓ જાહેરમાં શૌચાલયથી મુક્ત થઈ ગયાં છે અને દરેક પાસે હવે ટોઈલેટ છે. શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આશરે ૧૦ જેટલી યોજનાઓને ખુલ્લી મૂકી હતી જ્યારે ૧૦ યોજનાઓનો પાયો નાખ્યો હતો.

●

# ભાજપા કેન્દ્ર સરકારની ઉપલબ્ધિઓ



**પરમાણુ પરીક્ષણોની વૈજ્ઞાનિક ઉપલબ્ધિને એક અત્યંત જટિલ અને વિશ્વસનીય નાભિકીય ત્રિકોણમાં પરિવર્તિત કરવાનું અત્યંત દુષ્કર કાર્ય ભારતીય વૈજ્ઞાનિકોની પ્રતિભા અને અથક પ્રયાસો તથા બહાદુર સૈનિકોના સાહસ અને સમર્પણની ભાવનાથી સફળ બન્યું**

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૫ નવેમ્બરના રોજ ભારતની સ્ટ્રેટેજિક સ્ટ્રાઈક ન્યૂક્લિયર સબમરીન (એસએસબીએન) એટલે કે નાભિકીય સબમરીન આઈએનએસ અરિહંતના અધિકારીઓ અને કર્મચારીગણ સાથે મુલાકાત કરી. આઈએનએસ અરિહંત તાજેતરમાં જ પોતાના પ્રથમ ડેટરેંસ પેટ્રોલ (નિવારણ ગશ્ત)થી પરત આવી છે. સબમરીનના આ અભ્યાસથી ભારતના નાભિકીય ત્રિકોણની પૂર્ણ સ્થાપના થઈ.

આઈએનએસ અરિહંતના સફળ અભિયાનથી ભારતના નાભિકીય ત્રિકોણ (ન્યૂક્લિયર ટ્રેડ)ની સ્થાપનાના મહત્ત્વને રેખાંકિત કરતાં પ્રધાનમંત્રીશ્રીએ આઈએનએસના કર્મીદળ તથા અભિયાન સાથે જોડાયેલા તમામ વ્યક્તિઓને અભિનંદન પાઠવ્યાં. તેમણે કહ્યું કે આ ઉપલબ્ધિએ ભારતને ગણ્યાગાંઠ્યા દેશોની અગ્રિમ પંક્તિમાં સામેલ કર્યું છે જે એસએસબીએનની ડિઝાઈન બનાવવાની, તેનું નિર્માણ કરવાની તથા તેનું સંચાલન કરવાની ક્ષમતા ધરાવે છે.

શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કહ્યું કે દેશમાં જ એસએસબીએનનું નિર્માણ અને તેના સફળ સંચાલનની ક્ષમતાનો વિકાસ ભારતના પ્રૌદ્યોગિક સામર્થ્ય તથા બધી સંબંધિત સંસ્થાઓ અને વ્યક્તિઓ વચ્ચેના અભૂતપૂર્વ સમન્વયનું પ્રતીક છે. તેમણે બધી જ સંબંધિત સંસ્થાઓ અને વ્યક્તિઓને દેશની સુરક્ષાને અત્યધિક



સુદૃઢ બનાવનારી આ ઉપલબ્ધિ માટે સમર્પણ અને પ્રતિબદ્ધતાની સાથે કામ કરવા માટે ધન્યવાદ આપ્યા.

પ્રધાનમંત્રીશ્રીએ એ બાબત પર પ્રકાશ ફેંક્યો કે પરમાણુ પરીક્ષણોની વૈજ્ઞાનિક ઉપલબ્ધિને એક અત્યંત જટિલ અને વિશ્વસનીય નાભિકીય ત્રિકોણમાં પરિવર્તિત કરવાનું અત્યંત દુષ્કર કાર્ય ભારતીય વૈજ્ઞાનિકોની પ્રતિભા અને અથક પ્રયાસો તથા બહાદુર સૈનિકોના સાહસ અને સમર્પણની ભાવનાથી સફળ બન્યું છે. આ નવી ઉપલબ્ધિએ ભારત દ્વારા નાભિકીય ત્રિકોણ સ્થાપિત કરવા માટેની આવશ્યક ક્ષમતા અને દૃઢતાના સંદર્ભમાં ઉપસ્થિત થતા દરેક સવાલોનો જવાબ આપી દીધો છે.

શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ કહ્યું કે ભારતના લોકો શક્તિમાન ભારત બનાવવાની અને નવું ભારત બનાવવાની આકાંક્ષા રાખે છે અને તે માટે ભારતીયોએ અનવરત પ્રયાસો દ્વારા અનેક મુસીબતોનો સફળતાપૂર્વક સામનો કર્યો છે. પ્રધાનમંત્રીશ્રીએ એ વાત પર ભાર મૂક્યો કે સશક્ત ભારત સવાસો કરોડથી વધુ ભારતીયોની આશા-આકાંક્ષાઓને પૂરી કરશે, એટલું જ નહીં પરંતુ વર્તમાનની અનિશ્ચિતતા તથા આશંકાઓથી ભરેલી દુનિયામાં વૈશ્વિક શાંતિ અને સ્થિરતા સ્થાપવા માટેનો આધારસ્તંભ પણ બની રહેશે.

શ્રી નરેન્દ્રભાઈ મોદીએ બધા ઉપસ્થિત વ્યક્તિઓ તથા તેમના પરિવારોને દીપાવલીના પર્વની શુભકામના પાઠવી. તેમણે એવી આશા પણ વ્યક્ત કરી કે જેવી રીતે પ્રકાશ ફક્ત અંધકારને જ દૂર નથી કરતો પરંતુ ભયને પણ દૂર કરે છે, તે જ રીતે આઈએનએસ અરિહંત પણ દેશને નિર્ભયતા બક્ષશે.

એક જવાબદાર રાષ્ટ્રના રૂપમાં ભારતે એક મજબૂત ન્યૂક્લિયર કમાન્ડ ઍન્ડ કંટ્રોલ સંરચના, પ્રભાવશાળી સુરક્ષા વ્યવસ્થા અને પૂર્ણ રાજનૈતિક નિયંત્રણ, દેશના નાભિકીય કમાન્ડ પ્રાધીકરણ (ન્યૂક્લિયર કમાન્ડ ઓથોરિટી) અંતર્ગત સ્થાપના કરી છે. પ્રામાણિક ન્યૂનતમ નિવારણ (ક્રેડિબલ મિનીમમ ડેટરેંસ) અને પરમાણુ હથિયારોનો પ્રથમ ઉપયોગ નહીં કરવાની પોતાની નીતિ, જે પૂર્વ-પ્રધાનમંત્રી શ્રી વાજપેયીજીની અધ્યક્ષતામાં કેબિનેટની સુરક્ષા સમિતિએ ૪ જાન્યુઆરી ૨૦૦૩ના રોજ નિર્ધારિત કરી હતી, તેના પ્રત્યે ભારત પ્રતિબદ્ધ છે.

## સૂક્ષ્મ, લઘુ તથા મોટા ઉદ્યોગોને ૫૯ મિનિટમાં મળશે ૧ કરોડ રૂપિયા સુધીની લોન

### પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા ૧૨ મહત્ત્વપૂર્ણ યોજનાઓ

દેશમાં સૌથી વધુ રોજગાર ઉપલબ્ધ કરાવનાર બીજા સૌથી મોટા ક્ષેત્ર સૂક્ષ્મ, લઘુ તથા મધ્યમ ઉદ્યોગો એમએસએમઈને પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ બીજી નવેમ્બરે ઘણી બધી સુવિધાઓ આપી છે. આ ક્ષેત્રમાં ઉદ્યોગકારોને માત્ર ૫૯ મિનિટમાં એક કરોડ રૂપિયા સુધીની લોન ઉપલબ્ધ કરાવવા માટે ઓનલાઇન પોર્ટર શરૂ કરવામાં આવ્યું છે.

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કહ્યું કે આજે તેઓ જે ૧૨ નિર્ણયોની ઘોષણા કરી રહ્યા છે તે એમએસએમઈ ક્ષેત્રમાં એક નવો અધ્યાય સાબિત થશે.

### ઋણ સુધીની પહોંચ

પ્રથમ ઘોષણાના રૂપમાં શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ એમએસએમઈને સરળતાથી ઉપલબ્ધ કરાવવા માટે ૫૯ મિનિટના લોન પોર્ટલનો શુભારંભ કરવાનું એલાન કર્યું હતું. તેમણે કહ્યું કે આ પોર્ટલથી ફક્ત ૫૯ મિનિટમાં એક કરોડ રૂપિયા સુધીની લોનની સૈદ્ધાંતિક મંજૂરી આપી શકાય છે.

શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ બીજી ઘોષણા રૂપે જીએસટી અંતર્ગત સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો માટે બે ટકા વ્યાજની સબસિડી આપવાનો ઉલ્લેખ કર્યો. શિપમેન્ટ પહેલાં અને શિપમેન્ટ પછીના સમયગાળામાં ઋણ લેનારા વ્યક્તિઓ માટે પ્રધાનમંત્રીશ્રીએ વ્યાજની છૂટ ત્રણ ટકાથી વધારીને પાંચ ટકા કરવાની ઘોષણા કરી.

પ્રધાનમંત્રીશ્રીની ત્રીજી ઘોષણા એ હતી કે પાંચસો કરોડ રૂપિયાથી વધુ ટર્નઓવરવાળી બધી કંપનીઓને હવે આવશ્યક રીતે વ્યાપાર-પ્રાપ્તિમાં ઈ-ડિસકાઉન્ટિંગ પ્રણાલી (ટીઆરઈડીએસ) પોર્ટલમાં સામેલ કરવામાં આવે.

### બજારો સુધીની પહોંચ

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ કહ્યું કે ઉદ્યમીઓની બજાર સુધીની પહોંચ માટે કેન્દ્ર સરકારે પહેલેથી જ અનેક પગલાં ભર્યાં છે. આ સંદર્ભમાં તેમણે ચોથી ઘોષણા એ કરી કે સાર્વજનિક ક્ષેત્રની કંપનીઓને હવે ૨૦ ટકાને બદલે પોતાની કુલ ખરીદીના ૨૫ ટકા ખરીદી એમએસએમઈ દ્વારા કરવાનું કહેવામાં આવ્યું છે.

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની પાંચમી ઘોષણા મહિલા ઉદ્યમીઓ માટે છે. તેમણે કહ્યું કે એમએસએમઈથી કરવામાં આવેલી આવશ્યક ૨૫ ટકા ખરીદીમાંથી ૩ ટકા ખરીદી હવે મહિલા ઉદ્યમીઓ માટે સુરક્ષિત કરવામાં આવી છે.

તેમણે છઠ્ઠી ઘોષણા એ કરી કે કેન્દ્ર સરકારના બધા સાર્વજનિક ક્ષેત્રના એકમો હવે આવશ્યક રૂપે જીઈએમનો હિસ્સો હોવો જોઈએ. તેમણે કહ્યું કે તેમણે પોતાના બધા જ વિક્રેતાઓને જીઈએમથી જોડવા જોઈએ. શ્રી નરેન્દ્રભાઈ મોદીજીની સાતમી ઘોષણા એ હતી કે સમગ્ર દેશમાં ૨૨ કેન્દ્રો બનાવવામાં આવશે. સ્ટોર રૂમના રૂપે ૧૦૦ સ્પોક્સની સ્થાપના કરવામાં આવશે.

### કારોબારમાં સુગમતા

કારોબારની સુગમતા બારામાં પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ કહ્યું કે તેમની આઠમી ઘોષણા ફાર્મા કંપનીઓને લગતી છે.

પ્રધાનમંત્રીશ્રીએ કહ્યું કે ૯મી ઘોષણા સરકારી પ્રક્રિયાઓના સરળીકરણને લગતી છે. તેમણે નવમી ઘોષણા અંગે કહ્યું કે આઠ શ્રમ કાયદાઓ અને દસ કેન્દ્રીય નિયમો અંતર્ગત રિટર્ન હવે વર્ષમાં એક જ વાર ફાઈલ કરવામાં આવશે.

શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ કહ્યું કે દસમી ઘોષણા એ છે કે સંસ્થાઓનું નિરીક્ષકો દ્વારા કરવામાં આવતું વિશ્લેષણ કમ્પ્યૂટર આધારિત આવકના આધારે નક્કી કરવામાં આવશે.

પ્રધાનમંત્રીશ્રીએ કહ્યું કે એકમ સ્થાપિત કરવા માટે ઉદ્યમીઓને બે ક્લીયરન્સની જરૂર પડે છે - પર્યાવરણ ક્લીયરન્સ અને એકમ સ્થાપિત કરવા માટેની મંજૂરી.

તેમણે કહ્યું કે ૧૧મી ઘોષણા એ છે કે વાયુપ્રદૂષણ અને જળપ્રદૂષણ નિયમો અંતર્ગત આ બંને ક્લીયરન્સનો એક જ અનુમતિમાં સમાવેશ કરવામાં આવ્યો છે. તેમણે કહ્યું કે સ્વ-પ્રમાણીકરણથી રિટર્નનો સ્વીકાર કરવામાં આવશે.

૧૨મી ઘોષણા સંદર્ભે પ્રધાનમંત્રીશ્રીએ કહ્યું કે એક અધ્યાદેશ લાવવામાં આવ્યો છે, જે અંતર્ગત અધિનિયમ બાબતમાં સામાન્ય પ્રકારનાં

ઉલ્લંઘનો માટે ઉદ્યમીઓએ અદાલતોના ચક્કરમાં પડવું નહીં પડે તેવી બાબતોને સરળ પ્રક્રિયાઓ દ્વારા સુલઝાવવામાં આવશે.

## ભારત દ્વારા 'કારોબારમાં સુગમતા' સૂચકાંકમાં ૨૩ ક્રમાંક સુધીની ઊંચી છલાંગ

### વર્ષ ૨૦૧૭ના ૧૦૦મા ક્રમાંકમાં સુધારો કરીને હવે ૭૭મા ક્રમાંક પર

વિશ્વ બેંકે ૩૧ ઑક્ટોબરના રોજ નવી દિલ્લીમાં પોતાનો નવીનતમ 'ડૂઇંગ બિઝનેસ રિપોર્ટ' (ડીબીઆર, ૨૦૧૯) પ્રસ્તુત કર્યો. ભારતે કારોબારમાં સુગમતા સૂચકાંકમાં ૨૩મા ક્રમાંક તરફ ઊંચી છલાંગ લગાવી. વિશ્વ બેંક દ્વારા આકલન કરવામાં આવેલા ૧૯૦ દેશોવાળા 'ડૂઇંગ બિઝનેસ રિપોર્ટ' મુજબ ભારત ૨૦૧૭ના ૧૦૦મા ક્રમાંકથી ઉપર ચઢીને ૭૭મા ક્રમાંક સુધી પહોંચ્યું છે. ભારત દ્વારા 'કારોબાર સુગમતા' સૂચકાંકમાં લગાવવામાં આવેલી ૨૩મા ક્રમાંકની ઊંચી છલાંગ વાસ્તવિક રૂપમાં ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે, કેમ કે ગત વર્ષે આ સૂચકાંકમાં ભારતે પોતાના રેંકિંગમાં ૩૦ ક્રમાંકોની જોરદાર છલાંગ લગાવી હતી, જે ભારત જેવા વિશાળ તથા વૈવિધ્યપૂર્ણ દેશ માટે દુર્લભ એવી ઉપલબ્ધિ છે. સરકાર દ્વારા કરવામાં ઓવલા નિરંતર પ્રયાસોના કારણે 'કારોબારમાં સુગમતા' સૂચકાંકમાં ભારત છેલ્લાં બે વર્ષમાં ૫૩ ક્રમાંક અને છેલ્લા ચાર વર્ષમાં ૬૫ ક્રમાંક ઉપર પહોંચી ગયું છે.

'ડૂઇંગ બિઝનેસ' આકલનથી તે દસ સિદ્ધાંતો અનુસાર ૧૯૦ દેશોમાં વ્યવસાય અથવા બિઝનેસ સંબંધી નિયમ-કાયદા અને તેના અમલના વસ્તુનિષ્ઠ લક્ષ્ય અંગે જાણકારી મળે છે, જેની કોઈ પણ કારોબારના ચક્ર પર અસર પડે છે. ડીબીઆરમાં રાષ્ટ્રોની રેંકિંગ ડિસ્ટન્ટ ટૂ ફ્રંટિયર (ડીટીએફ)ના આધારે કરવામાં આવે છે, જે એક વિશિષ્ટ સ્કોર છે જે કોઈ પણ અર્થવ્યવસ્થામાં અપનાવવામાં આવતા તોર-તરીકાઓ અને વૈશ્વિક સર્વોત્તમ કારોબારના તોર-તરીકાઓ વચ્ચેનું અંતર દર્શાવે છે. ભારતનો ડીટીએફ સ્કોર છેલ્લાં ચાર વર્ષોના ૬૦.૭૬થી વધીને આ વર્ષે ૬૭.૨૩ થઈ ગયો.

ભારત ૧૦ સંકેતકોમાંથી ૬ સંકેતકોથી જોડાયેલા પોતાના રેંકિંગને સુધારવામાં સફળ રહ્યું છે, અને આ સાથે જ તે ૧૦ સંકેતકોમાંથી ૭ સંકેતકો પર વૈશ્વિક સર્વોત્તમ કારોબારના તોરતરીકાઓની નજીક પહોંચી ગયું છે. જોકે, સૌથી વધુ ઉલ્લેખનીય સુધારો

'નિર્માણ પરમિટ' અને 'સીમાપાર વેપાર' સાથે જોડાયેલા સંકેતકો બારામાં થયો છે. 'નિર્માણ પરમિટ'ની સ્વીકૃતિ આપવાના મામલામાં ભારતનું રેંકિંગ વર્ષ ૨૦૧૭ના ૧૮૧થી સુધરીને ૨૦૧૮માં ૫૨ (બાવન)મું થઈ ગયું છે, જે એક જ વર્ષમાં ૧૨૯ ક્રમાંકના અભૂતપૂર્વ સુધારાને દર્શાવે છે. એ જ રીતે 'સીમાપાર વેપાર' સાથે જોડાયેલા સંકેતકો બારામાં ભારતનું રેન્કિંગ ૨૦૧૭ના વર્ષમાં ૧૪૬થી સુધરીને ૨૦૧૮ના વર્ષમાં ૮૦મું થઈ ગયું છે, જે એક જ વર્ષમાં ૬૬ રેન્કિંગના ઉલ્લેખનીય સુધારાને દર્શાવે છે. જે તે સંકેતકોમાં ભારતે પોતાનું રેંન્કિંગ સુધાર્યું છે તેમાં આટલા નિમ્નલિખિત છે -

### આ વર્ષે ભારતની સફળતાની મુખ્ય બાબતો આ મુજબ છે

- વિશ્વ બેંક વર્ષ દરમ્યાન ઉલ્લેખનીય સુધારો કરનારા મુખ્ય દેશોમાં ભારતને પણ સામેલ કર્યું છે.
- ઉલ્લેખનીય સુધારો કરનારા મુખ્ય દેશોમાં ભારતની પણ ગણતરી લાગલગાટ બીજા વર્ષે પણ કરવામાં આવી.
- ભારત પહેલો બ્રિક્સ અને દક્ષિણ એશિયાઈ દેશ છે જેને સુધારો કરનારા મુખ્ય દેશોમાં લગાતાર બીજા વર્ષે પણ સામેલ કરવામાં આવ્યો છે.
- ભારતે બે વર્ષમાં પોતાના રેન્કિંગમાં ૫૩મા ક્રમાંકની ઊંચી છલાંગ લગાવી છે, જે ડૂઇંગ બિઝનેસ આકલનમાં વર્ષ ૨૦૧૧ પછી કોઈ પણ મોટા દેશ દ્વારા બે વર્ષમાં કરવામાં આવેલા સર્વાધિક સુધારાને દર્શાવે છે.
- પ્રદર્શનમાં નિરંતર સુધારાને કારણે ભારત હવે દક્ષિણ એશિયાઈ દેશોમાં પ્રથમ સ્થાને પહોંચી ગયું છે, જે ૨૦૧૪માં છઠ્ઠા સ્થાને હતું.

### ભારતની સફળતાની વિભાગીય મુખ્ય બાબતો આ મુજબ છે

- પ્રક્રિયાઓની સંખ્યા મુંબઈમાં ૩૭થી ઘટીને ૨૦ અને કેન્દ્રમાં ૨૪થી ઘટીને ૧૬ થઈ ગઈ છે.
- એમાં લાગનારો સમય મુંબઈમાં ૧૨૮.૫ દિવસોથી ઘટીને ૯૯ દિવસ અને કેન્દ્રમાં ૧૭૫.૫થી ઘટીને ૯૧ દિવસ થયા છે.
- ભવન-નિર્માણ ગુણવત્તા નિયંત્રણ સૂચકાંક મુંબઈમાં ૧૨થી સુધરીને ૧૪ અને કેન્દ્રમાં ૧૧થી સુધરીને ૧૪ થઈ ગયો છે.
- નિર્માણ પરમિટ પ્રાપ્ત કરવાનો ખર્ચ ૨૩.૨ ટકાથી ઘટીને ૫.૪ ટકા થઈ ગયો છે.
- ડીટીએફ સ્કોર ૩૮.૮૦ થી સુધરીને ૭૩.૮૧ થઈ ગયો છે.

●

**સરદાર જન્મભૂમિ નડિયાદ ખાતે રાજ્યવ્યાપી એકતાયાત્રાનું સમાપન**




# જ્ઞાતિ-જાતિ-ધર્મ-ભાષા-પ્રાંતથી ઉપર ઊઠીને અનેકતામાં એકતાનું સૂત્ર સાર્થક કરીએ - મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું કે સમગ્ર રાષ્ટ્રને એકતા અને અખંડિતતાના તાંતણે બાંધનાર સરદાર સાહેબ સમગ્ર દેશ અને વિશ્વ માટે એકતાના પ્રતીક સમાન છે.

મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું કે સરદાર સાહેબ ન હોત તો આજે ભારતનો નકશો કંઈક અલગ જ હોત. રાષ્ટ્રશિલ્પી સરદાર સાહેબે આગવી કુનેહ અને દીર્ઘદૃષ્ટિથી રાષ્ટ્રનું એકીકરણ કરી અખંડ ભારતનું નિર્માણ કર્યું હતું. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ આજે સરદાર જન્મભૂમિ નડિયાદ ખાતે રાજ્યવ્યાપી એકતાયાત્રાનું સમાપન કરાવ્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે આઝાદી બાદ કાશ્મીર સિવાય દેશી રાજ્યોને ભારતમાં સમાવવાનું કામ સરદાર સાહેબને સોંપવામાં આવ્યું હતું, જે તેમણે સુપેરે પાર પાડયું હતું. સરદાર સાહેબને કાશ્મીર રાજ્યની જવાબદારી સોંપવામાં આવી હોત તો આજે કાશ્મીરની સમસ્યા ન હોત તેમ તેમણે સ્પષ્ટપણે જણાવ્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે દેશની પ્રગતિનો આધાર સામાજિક એકતા અને સમરસતા પર છે. એકતાભાવથી ભારતમાતા પ્રત્યેનો ભાવ જાગૃત કરી સૌને રાષ્ટ્રહિત માટે કામ કરી ભારત માતાને પરમ વૈભવના શિખરે પહોંચાડવા તેમણે આહ્વાન કર્યું હતું. એકતાયાત્રાના માધ્યમથી સરદાર સાહેબનો એકતા અને અખંડિતતાનો સંદેશો જન-જન સુધી પહોંચાડયો છે તેમ મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

કેવડિયા ખાતે નિર્માણ થયેલ વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટી સમગ્ર રાષ્ટ્ર સહિત વિશ્વમાં એકતાનો સંદેશાનો પર્યાય બની એક-નેક અને પ્રગતિ વિકાસ માટે સંદેશો ફેલાવશે તેમ જણાવતાં મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું કે ગુજરાતે સમગ્ર દેશને વિવિધ ક્ષેત્રોમાં દિશા બતાવી છે ત્યારે દેશની એકતા અને અખંડિતતા માટે સરદાર સાહેબે કંડારેલી કેડી પર આપણે સૌ ચાલીશું તો તેમને સાચી શ્રદ્ધાંજલિ આપી ગણાશે.

ચરોતર પ્રદેશ સમગ્ર ગુજરાતમાં સરદાર સાહેબના એકતાના મંત્રને સાકાર કરવા કટિબદ્ધ બનશે તેમ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું.

મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું છે કે સરદાર પટેલે તેમની કુનેહ અને દીર્ઘદૃષ્ટિથી અખંડ ભારતનું નિર્માણ કર્યું હતું. સરદાર પટેલના આદર્શો અને એકતા - અખંડિતતાનો ભાવ જન-જન સુધી પહોંચે તે જરૂરી છે.

જ્ઞાતિ-જાતિ-ધર્મ-સંપ્રદાય-ભાષા-પ્રાંતથી ઉપર ઊઠીને અનેકતામાં એકતાનું સૂત્ર સાર્થક કરીએ એમ તેમણે ઉમેર્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ સરદાર પટેલે ૫૬૨ રજવાડાંઓને એક કરીને અખંડ રાષ્ટ્રનું નિર્માણ કર્યું તેનો ઉલ્લેખ કરી જણાવ્યું કે, દેશની એકતાના ભોગે કંઈ

નહીંનો સંકલ્પ લઈએ. રાષ્ટ્રહિતને સર્વોપરી બનાવી ભારત માતાના ઉત્કર્ષ માટે જીવવાનો અને એકતાનો ભાવ જન-જનમાં જગાવવા માટે આ એકતાયાત્રાનું આયોજન કરાયું હતું.

તેમણે ઉમેર્યું કે, ભાવિ પેઢી પણ સરદાર પટેલના આદર્શોમાંથી પ્રેરણા લે અને ભારતવાસીઓ એકતા-અખંડિતતા માટે કટિબદ્ધ બને તે માટે સ્ટેચ્યુ ઓફ યુનિટીનું નિર્માણ કરાયું છે. વિશ્વની સૌથી ઊંચી પ્રતિમાની સૌએ નોંધ લીધી છે એટલું જ નહીં વિદેશોમાં પણ આજે સ્ટેચ્યુ ઓફ યુનિટીની ચર્ચા થઈ રહી છે.

મુખ્યમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, જો સરદાર પટેલ ન હોત તો ? આજે આપણે સોમનાથનાં દર્શન કરવા કે જૂનાગઢના સિંહ જોવા પણ વિઝા લેવા પડત. પણ સરદાર પટેલની કુનેહના કારણે આપણે હૈદરાબાદ, જૂનાગઢ - સોમનાથ કે દેશ આખામાં વિહાર કરી શકીએ છીએ.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, દેશ માટે સમર્પિત થનારા મહાપુરુષોનું સમર્પણ દેશની ભાવિ પેઢી જાણે તે જરૂરી છે. પૂ. ગાંધીજી, સરદાર સાહેબ, ડૉ. આંબેડકર, વીર સાવરકર, ડૉ. શ્યામજી કૃષ્ણ વર્મા જેવા રાષ્ટ્રપુરુષોના ત્યાગ - બલિદાન - સમર્પણને ઈરાદાપૂર્વક વિસારે પાડવાના કે હાંસિયામાં ધકેલવાના પ્રયાસો કદી સફળ થવા નહીં દઈએ તેવો દૃઢ નિર્ધાર અમારી સરકારે કર્યો છે.

દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આ મહાપુરુષોના બલિદાન-સમર્પણને વિશ્વ સમક્ષ ઉજાગર કર્યાં છે એમ તેમણે ઉમેર્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ સ્વ.વડાપ્રધાનશ્રી અટલ બિહારી વાજપેઈજીની ''યે દેશ ભૂમિ કા ટુકડા નહીં, જીતા જાગતા રાષ્ટ્રપુરુષ હૈ...'' કવિતાનું સ્મરણ કર્યું હતું. સરદાર પટેલની વિશ્વની સૌથી ઊંચી ૧૮૨ મીટરની પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટીના નિર્માણનું સ્વપ્ન સરદાર જયંતીએ નિર્માણ થયું છે. ગુજરાતની ધરતી પર વિશ્વની સૌથી ઊંચી સરદાર સાહેબની પ્રતિમાનો વિશ્વ રેકોર્ડ પ્રસ્થાપિત કરીને વિશ્વસ્તરે ભારતની આગવી ઓળખ ઊભી કરવામાં સફળતા અપાવવા બદલ તેમણે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી, મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીને ચરોતરના નાગરિકો વતી અભિનંદન પાઠવ્યાં હતાં.

સરદાર સાહેબનો જન્મ તેમના મોસાળ નડિયાદમાં થયો હતો. સરદાર પટેલે ખેડા સત્યાગ્રહનું સફળ નેતૃત્વ કરીને જાહેરજીવનનો પ્રારંભ પણ નડિયાદથી જ કર્યો હતો. તેઓશ્રી જે શાળામાં ભણતાં હતા તે વર્ગખંડ, પાટલી અને જનરલ રજિસ્ટર ગૌરવપૂર્ણ રીતે સચવાયેલાં છે. સરદાર પટેલે ધોરણ-૩થી ઓલ્ડ એસ.એસ.સી.સુધીનો અભ્યાસ નડિયાદમાં જ કર્યો હતો.

પ્રારંભમાં સૌને આવકાર આપતાં સાંસદ શ્રી દેવુસિંહ ચૌહાણે જણાવ્યું કે ચરોતરવાસીઓ માટે આજનો દિવસ ઐતિહાસિક છે. સમગ્ર વિશ્વને દર્શન કરાવે તેવી સરદાર સાહેબની વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટીનું વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ સરદાર જયંતીએ રાષ્ટ્રાર્પણ કર્યું હતું.

સરદાર સાહેબે ખેડા સત્યાગ્રહનું નેતૃત્વ વર્ષ ૧૯૧૮માં લીધું તેનું પણ શતાબ્દી વર્ષ છે. સરદાર સાહેબે દેશની આઝાદી બાદ ૫૬૨ જેટલાં દેશી રજવાડાંઓનું એકીકરણ કરીને દેશને એકતા અને અખંડિતતાના તાંતણે બાંધ્યો હતો.

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીનું પોરબંદરમાં આવેલું જન્મઘર કીર્તિમંદિર તરીકે સુખ્યાત છે. ખેડા જિલ્લાના વડા મથક નડિયાદમાં પણ જેને બીજું કીર્તિમંદિર કહી શકાય એવું તીર્થસ્થળ આવેલું છે, એ છે સરદાર વલ્લભભાઈ પટેલના મોસાળનું ઘર, જ્યાં ભારતના ઘડવૈયાનો જન્મ થયો હતો.

રાજ્યના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતના બીજા કીર્તિમંદિર જેટલા જ પવિત્ર સરદારના જન્મઘરની આજે મુલાકાત લીધી હતી અને એ પાવન, સરદાર પ્રાગટ્યભૂમિની અનેરા આદરભાવ સાથે વંદના કરી હતી.

ઉલ્લેખનીય છે કે, આણંદ જિલ્લાનું કરમસદ એ સરદાર સાહેબની પિતૃભૂમિ છે, જ્યાં એમનું પૈતૃક ઘર આવેલું છે તેવા નડિયાદના દેસાઈ વગામાં આવેલ સરદાર સાહેબના મામાનું ઘર એ એવું તીર્થસ્થળ છે, જ્યાં લાડબાની કૂખે ભારતના સરદાર અવતર્યા હતા. કહેવત છે કે મામાનું ઘર કેટલે... દીવો બળે એટલે... નડિયાદના ઘરમાં એક એવો રાષ્ટ્રદીપક અવતર્યો હતો જેણે એકતાની દીપશિખાથી ૫૦૦ થી વધુ રજવાડાંઓની જુદી જુદી જ્યોતને એક કરીને અખંડ ભારતનો દીપ પ્રગટાવ્યો હતો. મુખ્યમંત્રીશ્રીએ સરદાર સાહેબના જન્મસ્થળનું રસપૂર્વક નિરીક્ષણ કરી ખંડમાં સમય વિતાવ્યો હતો, જ્યાં મુખ્યમંત્રીશ્રીએ અનેરાં સ્પંદનોની અનુભૂતિ કરી હતી.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ સરદાર પટેલના જન્મસ્થળે પૂજ્ય મહાત્મા ગાંધીજીની પ્રતિમાને સૂતરની આંટી પહેરાવી આદરાંજલિ અર્પી હતી.

મુખ્યમંત્રીશ્રીની સરદાર પટેલના જન્મસ્થળની મુલાકાત સમયે ગુજરાત વિધાનસભાના મુખ્ય દંડક શ્રી પંકજભાઈ દેસાઈ અને સાંસદ શ્રી દેવુસિંહ ચૌહાણ સાથે રહ્યા હતા.

●

**ઓછો વરસાદ ધરાવતા વધુ ૪૫ તાલુકાના ખેડૂતો માટે સૌ પ્રથમ વાર ખાસ સહાય પેકેજ**



# અંદાજે ૨૦ લાખથી વધુ ખેડૂત ખાતેદારોને રૂપિયા એક હજાર ત્રણસો કરોડથી વધુની સહાય ચુકવાશે



નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું છે કે ખેડૂતોના હિતને વરેલી રાજ્ય સરકારે આજે વધુ એક કિસાનલક્ષી નિર્ણય કર્યો છે. રાજ્યમાં ૨૫૦ થી ૪૦૦ મિ.મી.નો વરસાદ થયો હોય તેવા ૪૫ તાલુકાના ખેડૂતો માટે રૂ.૧૩૦૦ કરોડનું ખાસ સહાય પેકેજ જાહેર કર્યું છે, જેમાં અંદાજે ૨૦ લાખ ખેડૂત ખાતેદારોને આ સહાયનો લાભ મળશે.

નાયબ મુખ્યમંત્રીશ્રી પટેલે ઉમેર્યું કે ચાલુ વર્ષે રાજ્યમાં જે વિસ્તારોમાં ઓછો વરસાદ થયો છે તેવા વિસ્તારના ખેડૂતોને-પશુપાલકોને મદદરૂપ થવા માટે મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ ખાસ ધ્યાન કેન્દ્રિત કરીને અનેકવિધ કિસાનલક્ષી નિર્ણયો કર્યા છે. આ માટે મારી સાથે મહેસૂલ મંત્રીશ્રી કૌશિકભાઈ પટેલ, શિક્ષણ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, સહિત મંત્રીમંડળની સબ કમિટીની રચના કરી છે. આમ અગાઉ રાજ્ય સરકારે ૫૧ તાલુકા અછતગ્રસ્ત જાહેર કર્યા હતા પરંતુ ઓછો વરસાદ ધરાવતા વિસ્તારના સંસદસભ્યો, ધારાસભ્યો અને ખેડૂત અગ્રણી દ્વારા મળેલ રજૂઆતોને ધ્યાને લઈ ને આ ૪૫ તાલુકાઓના ખેડૂતોને મદદરૂપ થવા માટે આ ખાસ સહાય પેકેજ જાહેર કર્યું છે. અગાઉ ૨૫૦ મિ.મી.થી ઓછો વરસાદ ધરાવતા ૫૧ તાલુકાઓને અછતગ્રસ્ત જાહેર કરાયા છે તે તાલુકાના ખેડૂતોને રૂ.૫૧૦૦ કરોડ તથા હવે આ ખાસ પેકેજથી જાહેર કરાયેલા નવા ૪૫ તાલુકાઓના ખેડૂતોને રૂ.૧૩૦૦ કરોડ મળી કુલ ૯૬ તાલુકાના ખેડૂતો-પશુપાલકો ને રૂ.૬૪૦૦ કરોડની સહાય ચુકવાશે.

- **૨૫૦થી ૩૦૦ મિ.મી. વરસાદ ધરાવતા ૧૪ તાલુકાના ખેડૂતોને હેકટર દીઠ રૂ.૬૩૦૦ની ઉચ્ચક સહાય**
- **૩૦૦થી ૩૫૦ મિ.મી. વરસાદ ધરાવતા ૧૨ તાલુકાના ખેડૂતોને હેકટર દીઠ રૂ.૫૮૦૦ની ઉચ્ચક સહાય**
- **૩૫૦થી ૪૦૦ મિ.મી. વરસાદ ધરાવતા ૧૯ તાલુકાના ખેડૂતોને હેકટર દીઠ રૂ.૫૩૦૦ની ઉચ્ચક સહાય**

નાયબ મુખ્યમંત્રીશ્રી પટેલે ઉમેર્યું કે રાજ્ય સરકાર દ્વારા આ ૪૫ તાલુકાઓ માટે જે સહાય પેકેજ જાહેર કર્યું છે. તે અત્યાર સુધીના ઈતિહાસમાં સૌ પ્રથમ વાર જાહેર કરાયું છે, જેનો સંપૂર્ણ ખર્ચ રાજ્ય સરકાર પોતાના ફંડમાંથી કરશે. આ પેકેજ અંતર્ગત ખેડૂતોને વધુમાં વધુ ૨ હેકટર દીઠ ઉચ્ચક સહાય ચૂકવાશે, જેમાં ૨૫૦ થી ૩૦૦ મિ.મી વરસાદ થયો હોય તેવા ૧૪ તાલુકાના ખેડૂતોને હેકટર દીઠ રૂ. ૬૩૦૦, ૩૦૦થી ૩૫૦ મિ.મી.વરસાદ થયો હોય તેવા ૧૨ તાલુકાના ખેડૂતોને હેકટર દીઠ રૂ.૫૮૦૦ તથા ૩૫૦ થી ૪૦૦ મિ.મી.વરસાદ થયો હોય તેવા ૧૯ તાલુકાઓના ખેડૂતોને હેકટર દીઠ રૂ.૫૩૦૦ ની ઉચ્ચક સહાય ચૂકવવામાં આવશે.

શ્રી પટેલે ઉમેર્યું કે રાજ્યના અમદાવાદ જિલ્લાના ૬ તાલુકા, મોરબી જિલ્લાના ૨ તાલુકા, ગાંધીનગર જિલ્લાના ૩ તાલુકા, રાજકોટ જિલ્લાના ૬ તાલુકા, દેવભૂમિ દ્વારકા જિલ્લાનો ૧ તાલુકો, મહેસાણા જિલ્લાના ૫ તાલુકા, બનાસકાંઠા જિલ્લા ૪ તાલુકા, વડોદરા જિલ્લાના ૨ તાલુકા, અમરેલી જિલ્લાના ૩ તાલુકા, સુરેન્દ્રનગર જિલ્લાના ૩ તાલુકા, ભાવનગર જિલ્લાના ૩ તાલુકા, બોટાદ જિલ્લાના ૩ તાલુકા અને પાટણ, જામનગર, ભરૂચ, મહિસાગરમાંથી એક-એક તાલુકાઓનો સમાવેશ કરાયો છે. આ તાલુકાઓના ૨૦,૦૦૦ થી વધુ ખેડૂત ખાતેદારોને આ પેકેજનો લાભ મળશે. શ્રી પટેલે ઉમેર્યું કે અગાઉ રાજ્યના જે ૫૧ તાલુકાઓ અછતગ્રસ્ત જાહેર કરાયા છે, એમાં ભારત સરકારના ધારાધોરણ મુજબ ખેડૂતોને સહાય આપવામાં આવશે તેમજ ઘાસચારા માટે પશુદીઠ સહાય, ઢોરવાડાઓને પણ સહાય તથા મનરેગા યોજના હેઠળ ૧૫૦ દિવસની રોજગારી પણ પૂરી પાડવામાં આવશે. આ અંગે રાજ્ય સરકારે તા.૩૦-૧૦-૨૦૧૮ના રોજ જાહેરનામું પ્રસિદ્ધ કર્યું છે.

●



**ગુજરાતનો દરિયાકિનારો ગુજરાતની સમૃદ્ધિનાં નવાં દ્વાર ખોલશે**

# જામનગર જિલ્લાના જોડિયા ખાતે દરિયાના ખારા પાણીમાંથી પ્રતિદિન ૧૦ કરોડ લીટર મીઠું પીવાનું પાણી બનાવવાનો પ્રોજેક્ટ શરૂ કરાશે

દરિયાના ખારા પાણીમાંથી પ્રતિદિન ૧૦ કરોડ લીટર મીઠું પીવાનું પાણી બનાવવાની ક્ષમતા ધરાવતો ગુજરાતનો સૌ પ્રથમ ડી-સેલીનેશન પ્લાન્ટ જામનગર જિલ્લાના જોડિયામાં કાર્યાન્વિત થશે. મુખ્ય મંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીની ઉપસ્થિતિમાં રાજ્ય સરકારના ગુજરાત વોટર ઈન્ફ્રાસ્ટ્રકચર લિમિટેડ અને એસ્સેલ ઈન્ફ્રા પ્રોજેકટસ લિમિટેડ વચ્ચે આજે ગાંધીનગરમાં આ પ્રોજેક્ટ માટે સમજૂતી કરાર થયા હતા. મુખ્ય મંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ આજનો દિવસ ગુજરાત માટે ઐતિહાસિક દિવસ બની રહેશે એમ કહીને જણાવ્યું હતું કે, ગુજરાત પાણીની અછતવાળું રાજ્ય નહીં પણ પૂરતા પાણીવાળું રાજ્ય બને એ માટે રાજ્ય સરકારે અનેક પગલાં ભર્યાં છે. દરિયો ધરતી તરફ આગળ વધી રહ્યો છે એમ કહેવાય છે, પરંતુ દરિયાના ખારા પાણીને મીઠું બનાવીને આપણે દરિયાને પાછો ધકેલવો છે. આવનારી પેઢીને કયારેય 'દુષ્કાળ' શબ્દ ન સાંભળવો પડે એ રીતે ટેક્નોલોજીનો મહત્તમ ઉપયોગ કરીને આપણે દુકાળને ભૂતકાળ બનાવવો છે.

જામનગર જિલ્લાના જોડિયા ખાતે દૈનિક ૧૦ કરોડ લીટર દરિયાના ખારા પાણીને ડી-સેલીનેશન દ્વારા મીઠું પીવાનું પાણી બનાવવાના પ્રોજેક્ટ માટે આજે રાજ્ય સરકારે એમ.ઓ.યુ. કર્યા પછી આગામી દિવસોમાં પ્રધાન મંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની ઉપસ્થિતિમાં આ પ્રોજેકટનો શિલાન્યાસ કરાશે એવી જાહેરાત કરતાં મુખ્ય મંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતું કે, ભારતમાં તમિલનાડુ પછી ગુજરાત એક માત્ર એવું રાજ્ય છે, જયાં દરિયાના ખારા પાણીને મીઠું બનાવવાનો પ્રોજેકટ શરૂ કરાશે.

ગુજરાત પાસે લાંબો દરિયાકિનારો છે, આટલી વિશાળ જળરાશિનો ઉપયોગ કરીને ગુજરાતનો પાણીનો પ્રશ્ન કાયમ માટે હલ કરીને ગુજરાતને જળસલામતી પૂરી પાડવાનું મારું સ્વપ્ન છે.

શ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતું કે, ગુજરાત માટે પાણીનો પ્રશ્ન કાયમ માટે ગંભીર રહ્યો છે. નર્મદાનાં નીરથી આપણે આ પ્રશ્ન મહદ્અંશે ઉકેલી શકયા છીએ. પરંતુ આપણે પાણીના સ્રોતોમાં વૈવિધ્ય લાવવાની આવશ્યકતા છે. નવા સોર્સ ઊભા કરવાની જરૂર છે. ગુજરાત સરકારે સરદાર સરોવર નર્મદા યોજના પૂર્ણ કરી, ભૂગર્ભજળ ઊંચાં આવે એ માટે મોટાપાયે જળ અભિયાન કર્યું, પાણીના પુનઃ વપરાશ માટે પહેલ કરી અને હવે દરિયાના ખારા પાણીને પીવાલાયક બનાવવાનો પ્રોજેકટ શરૂ કરી રહ્યા છીએ. આવી રીતે પાણીના પ્રશ્નને આપણે ભૂતકાળ બનાવવો છે.

શ્રી વિજયભાઈ રૂપાણીએ આજે જાહેરાત કરતાં જણાવ્યું હતું કે, સ્થાનિક વસતીની જરૂરિયાતને ધ્યાને લઈને ગુજરાતમાં વિવિધ ક્ષમતા ધરાવતા બીજા પણ ડી-સેલીનેશન પ્લાન્ટ પ્રસ્થાપિત કરાશે. રાજ્ય સરકારનું જોડિયા ઉપરાંત પોરબંદર, દ્વારકા, વેરાવળ અને ઘોઘા (ભાવનગર) ખાતે પણ દરિયાના ખારા પાણીને પીવાલાયક બનાવવાના પ્લાન્ટ પ્રસ્થાપિત કરવાનું આયોજન છે. આ માટે અમલીકરણના ભાગરૂપે સાઈટ સર્વેક્ષણ ફિઝિબિલિટી તથા ટેક્નો-ઈકોનોમિકલ અભ્યાસની કામગીરી પણ ટૂંક સમયમાં શરૂ કરાશે.

''કચ્છ, પાટણ અને બનાસકાંઠાના સરહદી વિસ્તારોમાં પણ મારે લીલાંછમ - હરિયાળાં ખેતરો લહેરાતાં જોવા છે,'' એમ કહીને મુખ્ય મંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતું કે, કચ્છ અને બનાસકાંઠાના સરહદી વિસ્તારોમાં પણ નાની ક્ષમતાના ડી-સેલીનેશન પ્લાન્ટ

માટેની કામગીરી હાથ ધરવાનું આયોજન છે. ઉદ્યોગોની પાણીની જરૂરિયાતને પહોંચી વળવા દહેજ અને ગાંધીધામ ખાતે પણ ડી-સેલીનેશન પ્લાન્ટ સ્થાપવાની કામગીરી જી.આઈ.ડી.સી. દ્વારા હાથ ધરાશે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતું કે, ઉત્તર ગુજરાત, કચ્છ અને સૌરાષ્ટ્રના જીવનનો મોટો આધાર સારા ચોમાસા પર હોય છે. ચોમાસામાં વરસાદ કેવો પડશે એની ચિંતામાં આ વિસ્તારોના લોકોનાં જીવ કાયમ ઊંચા રહે છે. આવી પરિસ્થિતિને આપણે કાયમ માટે જાકારો આપવો છે. તેમણે એમ પણ જણાવ્યું હતું કે, રાજકોટમાં હું મહાનગરપાલિકામાં હતો ત્યારથી પાણીની સમસ્યાના નિવારણ માટે મેં પ્રયત્નો કર્યા છે. રાજ્ય સરકારમાં પ્રથમ વખત મંત્રીમંડળમાં આવ્યો ત્યારે હું પાણી પુરવઠા મંત્રી હતો. ત્યારથી પાણીની સમસ્યાના કાયમી નિવારણ માટે મેં પુરુષાર્થ કર્યો છે. મારા ઈઝરાયેલના પ્રવાસ દરમિયાન પણ મેં પાણીની સમસ્યાનો કાયમી હલ શોધવાના પ્રયત્નો કર્યા હતા અને આજે એ દિશામાં આપણે ઐતિહાસિક પગલું ભરી રહ્યા છીએ. તેમણે એસ્સેલ ઈન્ફ્રાપ્રોજેક્ટસ લિમિટેડ અને તેની સહયોગી કંપની એબેનગોઆને આ પ્રોજેક્ટ તાત્કાલિક શરૂ કરવા અને નિયત સમયમર્યાદા કરતાં પણ વહેલો પૂર્ણ કરવા ભારપૂર્વક અનુરોધ કર્યો હતો.

ગુજરાતની નર્મદા યોજનાનું ઢાંકી પમ્પીંગ સ્ટેશન જેમ નિષ્ણાતો માટે અભ્યાસનો વિષય બની રહ્યો છે એમ ગુજરાતના ડી-સેલીનેશન પ્લાન્ટસ પણ સમગ્ર દુનિયા માટે અભ્યાસનો વિષય બને એ દિશામાં ગુજરાતે પહેલ કરી છે એમ કહીને મુખ્ય મંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ કહ્યું હતું કે, આપણે સહિયારા પુરુષાર્થ દ્વારા નેવાના પાણીને મોભે ચઢાવવાનાં છે. ડી-સેલીનેશન પ્લાન્ટસથી ગુજરાતે સાચા અર્થમાં ક્રાંતિ કરી છે. ગુજરાતનો દરિયાકિનારો ગુજરાતની સમૃદ્ધિનાં નવાં દ્વાર ખોલશે.

**રાજકોટ અને જામનગર શહેર સહિત જિલ્લાનાં ગામો તથા મોરબી જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોને આ શુદ્ધ પાણી અપાશે**

દરિયાનું ખારું પાણી પીવાલાયક કેવી રીતે બનશે તેની વિગતો જાણીએ તો જામનગર જિલ્લાના જોડિયા ખાતે ૧૦૦ એમ.એલ.ડી. એટલે કે દૈનિક ૧૦ કરોડ લીટર ક્ષમતાનો સી.વોટર ડી-સેલીનેશન પ્લાન્ટ બનશે, જેમાં દરિયાથી પ્લાન્ટ સુધીની કનેકટીંગ પાઈપલાઈન, પંપીંગ મશીનરી, ૨૦ એમ.એલ. (૨ કરોડ લીટર) ક્ષમતાનો આર.સી.સી. પંપ બનાવવામાં આવશે.

ગુજરાતના દરિયાકિનારે પ્રાપ્ત પાણીની ખારાશ (ટી.ડી.એસ.) ૩૫,૦૦૦ પી.પી.એમ.થી લઈને ૬૦,૦૦૦ પી.પી.એમ. સુધીની છે. જેને મીઠું બનાવવા રીવર્સ ઓસ્મોસીસ પદ્ધતિની ટેકનોલોજીનો ઉપયોગ કરીને દરિયાના ખારા પાણીને ઈન્ટેકમાંથી પાઈપલાઈન દ્વારા પ્લાન્ટ સુધી લવાશે. પાણીમાં તરતી અશુદ્ધિઓ દૂર કરવા ફિલ્ટરમાંથી પસાર કરાશે. પાણીની પી.એચ.વેલ્યુ જાળવવા માટે રાસાયણિક પ્રક્રિયા પણ કરવામાં આવશે. પાણીની ડહોળાશ અને ભારે અશુદ્ધિઓ દૂર કરવા સેટલમેન્ટ ટેન્કમાં રાખી સેન્ડ ફિલ્ટરમાંથી પસાર કરીને રીવર્સ ઓસ્મોસીસ મેમ્બ્રેન (થીમ ફીલ્મ એસીટેટ મેમ્બ્રેન)માંથી ૭૦ kg/cm2 દબાણે પસાર કરાશે. જેનાથી પાણીમાં ઓગળેલી તમામ ખારાશ દૂર થશે. આ રીતે ડી મીનરલાઈઝ થયેલા પાણીમાં મીનર લાઈઝેશન કરવાના હેતુસર કેલ્શિયમ અને મેગ્નેશિયમ જેવાં વિવિધ પોષક તત્ત્વો ઉમેરવામાં આવશે, જેથી પીવાલાયક ૫૦૦થી ઓછા ટી.ડી.એસ.વાળું પાણી બનશે. જેને શુદ્ધ પાણીના ટાંકામાં ભેગું કરવામાં આવશે.

આ શુદ્ધ થયેલ રોજનું ૧૦ કરોડ લીટર પાણી મેળવીને જોડિયાથી પાઈપ લાઈન દ્વારા હીરાપર ખાતે લાવવામાં આવશે ત્યાંથી પ્રવર્તમાન પાણી પુરવઠા ગ્રીડના નેટવર્કથી રાજકોટ, જામનગર શહેર તેમજ બંને જિલ્લાનાં ગામો તેમજ મોરબી જિલ્લાના ગ્રામીણ વિસ્તારોને પાઈપલાઈન દ્વારા અપાશે. રાજ્યવ્યાપી પાણી પુરવઠા ગ્રીડમાં દૈનિક ૧૦ કરોડ લીટર પાણીનો વધારો થતાં રાજકોટ, જામનગર જિલ્લાના ગ્રામ્ય અને શહેરી વિસ્તારો માટે પીવાનું પાણી આરક્ષિત કરીને જળસલામતીમાં વધારો કરી શકાશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્યના પાયલોટ પ્રોજેક્ટ તરીકે સ્થપાનાર આ પ્રોજેકટ પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપના ધોરણે રૂ. ૭૦૦ કરોડના ખર્ચે સ્થપાશે. ગુજરાત વોટર ઈન્ફ્રાસ્ટ્રકચર લિમિટેડે એસ્સલ ઈન્ફ્રા પ્રોજેકટ લિમિટેડ, મુંબઈ તથા એબીન્સા ઈન્ફ્રાસ્ટ્રકચર મેડિયો એમ્બીયન્ટે સાથે સંયુકત કરાર આજે કર્યા હતા. પ્રોજેકટના સમગ્ર બાંધકામ અને આનુષંગિક કામો માટેની નાણાકીય જવાબદારી એજન્સીની હોઈ રાજ્ય સરકારને કોઈ વધારાનું નાણાંકીય ભારણ આવશે નહીં. આગામી ૩૦ મહિનાના સમયગાળામાં જોડિયા ખાતે ૧૦૦ એમ.એલ.ડી. પાણી આપતાં પ્લાન્ટનું બાંધકામ પૂર્ણ થશે અને વર્ષ ૨૦૨૧-૨૨થી આ પ્લાન્ટ કાર્યાન્વિત થઈને રોજનું ૧૦ કરોડ લીટર પાણી આપતો થશે. આ પ્રોજેકટમાં કન્સેશન પિરિયડ ૨૫ વર્ષનો રાખવામાં આવ્યો હોઈ આગામી ૨૫ વર્ષ સુધી ડી-સેલીનેશન પ્લાન્ટથી પીવાનું પાણી મેળવાશે.

**મુખ્યમંત્રીશ્રીએ બિહારના નાયબ મુખ્યમંત્રી શ્રી સુશીલ કુમાર મોદીની ઉપસ્થિતિમાં ઇન્દિરા બ્રિજ પાસે સાબરમતી નદીના તટે રૂ. ૧૧ કરોડના ખર્ચે તૈયાર થયેલા ૩૦૦ મીટરના છઠ પૂજા ઘાટનું લોકાર્પણ કર્યું હતું**

# ‘કચ્છ હો યા ગૌહાતી, અપના દેશ - અપની મિટ્ટી’ રાષ્ટ્ર માટે - દેશ માટે જીવી જાણીએ - શ્રી વિજયભાઈ રૂપાણી



મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ અમદાવાદમાં સાબરમતી નદીના તટે બિહારી પરિવારોના છઠ પૂજા ઉત્સવમાં સહભાગી થતાં સ્પષ્ટપણે જણાવ્યું કે ગુજરાતના સમાજજીવન અને ભૂમિની ખાસિયત છે કે સૌ સમાજ, વર્ગો અને પ્રદેશોના પરિવારોના તહેવારો પણ ઉમંગ-ઉત્સાહથી સાથે મળીને સામાજિક સમરસતાથી ઊજવાય છે.

આ સંદર્ભમાં તેમણે કહ્યું કે ‘‘એક ભારત શ્રેષ્ઠ ભારત’’ના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના સંકલ્પને જ્ઞાતિ-જાતિ-ભાષા-પ્રાંતથી ઉપર ઊઠીને આવા તહેવાર પર્વોની ઉમંગ ઉજવણી સાકાર કરે છે.

મુખ્યમંત્રીશ્રીએ બિહારના નાયબ મુખ્યમંત્રી શ્રી સુશીલ કુમાર મોદીની ઉપસ્થિતિમાં રાજ્ય સરકારના પ્રવાસન વિભાગ દ્વારા ઈન્દિરા બ્રિજ પાસે સાબરમતી નદીના તટે રૂ. ૧૧ કરોડના ખર્ચે તૈયાર થયેલા ૩૦૦ મીટરના છઠ પૂજા ઘાટનું લોકાર્પણ કર્યું હતું.

બિહારી પરિવારો સાથે આ બંને મહાનુભાવો સૂર્યનારાયણની સંધ્યા આરતીમાં પણ ભક્તિભાવપૂર્વક સહભાગી થયા હતા.

શ્રી વિજયભાઈ રૂપાણીએ છઠ પૂજાના આ ઉત્સવને પ્રકૃતિ - પર્યાવરણ-સંસ્કૃતિનો સમન્વય સાધતો તહેવાર ગણાવતાં કહ્યું કે ઢળતા સૂર્યની પૂજા-અર્ચનાનું આ પર્વ અનેરું પર્વ છે.

તેમણે બિહાર અને ગુજરાત વચ્ચેના સંબંધોની વિશદ ભૂમિકા આપતાં ઉમેર્યું કે ગુજરાતે મહાત્મા ગાંધી, સરદાર સાહેબ, મોરારજીભાઈ અને વર્તમાન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી જેવા રાષ્ટ્રભક્તિસભર સપૂતોથી દિશાદર્શન આપેલું છે. બિહારે લોકનાયક જયપ્રકાશ નારાયણજી તથા પ્રથમ રાષ્ટ્રપતિ રાજેન્દ્રબાબુ જેવા વિશિષ્ટ વ્યક્તિઓનું માર્ગદર્શન આપેલું છે.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે ગુજરાતનું નવનિર્માણ આંદોલન અને બિહારમાં ભ્રષ્ટાચાર સામેનું આંદોલન દેશવ્યાપી જન આંદોલન બની ગયાં હતાં.

તેમણે બિહારના ગયાના પિતૃશ્રાદ્ધ તર્પણ અને ગુજરાતના સિદ્ધપુરના માતૃશ્રાદ્ધ તર્પણ તીર્થ તરીકેની ખ્યાતિ અને નાલંદા તથા વલ્લભીની પ્રાચીન વિદ્યાપીઠની પણ યાદ બિહાર-ગુજરાતના સંબંધોના સંદર્ભમાં આપી હતી.

શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતની વિકાસયાત્રામાં દરેક રાજયના-પ્રાંતના ગુજરાતમાં આવીને વસેલા પરિવારોનો સહયોગ-યોગદાન છે તેની સરાહના કરી હતી.

તેમણે એમ પણ સ્પષ્ટપણે જણાવ્યું કે પ્રાંત-પ્રદેશ-ભાષાના ભેદ મિટાવીને સૌ કોઈ મા ભારતીના સંતાન તરીકે ‘‘કચ્છ હો યા ગૌહાતી, અપના દેશ - અપની માટી’’ને સાકાર કરીએ. રાષ્ટ્ર માટે - દેશ માટે જીવી જાણીએ.

એક બની - નેક બની સૌનો સાથ અને સૌનો વિકાસના મંત્રને આગળ ધપાવવા પણ તેમણે પ્રેરક આહ્‌વાન કર્યું હતું.

બિહારના નાયબ મુખ્યમંત્રી શ્રી સુશીલકુમાર મોદીએ છઠ પર્વની ગુજરાતમાં વસતા બિહારવાસીઓને શુભેચ્છાઓ પાઠવી હતી. તેમણે ગુજરાત સરકારે રૂ. ૧૧ કરોડના ખર્ચે સાબરમતી નદીના તટે છઠ ઘાટનું જે નિર્માણ કર્યું છે તેનાથી પટણામાં ગંગા નદીકાંઠે આવો જ પૂજાઘાટ બનાવવાની પ્રેરણા તેમને મળી છે એનો આનંદ વ્યક્ત કર્યો હતો.


બિહારના નાયબ મુખ્યમંત્રીશ્રીએ સ્પષ્ટપણે જણાવ્યું કે ગુજરાતમાં વસતા બિહારીઓ સંપૂર્ણ સલામતી અને શાંતિપૂર્ણ રીતે વસવાટ કરે છે, રોજીરોટી, રોજગાર મેળવે છે.

તાજેતરના ભૂતકાળમાં પ્રાંત-ભાષાને નામે ગુજરાતમાં સામાજિક શાંતિ-સલામતીને ખલેલ પહોંચાડવાના કેટલાંક તત્ત્વોના પ્રયાસોને મુખ્યમંત્રીશ્રી વિજયભાઈના નેતૃત્વમાં રાજ્ય સરકારે મક્કમતાથી નાકામયાબ બનાવ્યા છે તેની પણ તેમણે પ્રશંસા કરી હતી.

શ્રી સુશીલકુમાર મોદીએ બિહાર અને છઠ પૂજા ઉત્સવને એકબીજાના પર્યાય અને બિહારની આગવી ઓળખ ગણાવતા પ્રકૃતિ-પર્યાવરણ રક્ષા-સ્વચ્છતાનો સંદેશ અપનાવનારા આ તહેવારને ૩૬૫ દિવસ શુદ્ધતા-સ્વચ્છતાનો તહેવાર બનાવવા અપીલ કરી હતી. તેમણે ‘‘સ્ટેચ્યૂ ઓફ યુનિટી’’ની તેમની મુલાકાતને અવિસ્મરણીય ગણાવી હતી અને આ સ્ટેચ્યુ વિશ્વની આઠમી અજાયબી તરીકે વિશ્વને એકતાનો સંદેશ આપનારું છે તેમ ઉમેર્યું હતું. તેમણે કેવડિયામાં ‘‘એક ભારત-શ્રેષ્ઠ ભારત’’ ભવન અંતર્ગત વિવિધ રાજ્યોના ભવન-નિર્માણમાં બિહારનું પણ ભવન બનાવવાની ખાતરી આપી હતી.

•

**વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા ખેડૂતોની આવક બમણી કરવાનો નિર્ધાર કર્યો છે, જેના ભાગરૂપે કિસાન સંપદા યોજના કાર્યાન્વિત કરી છે - શ્રી પરસોત્તમભાઈ રૂપાલા**




# ગુજરાતના ખેડૂતોની ખેતપેદાશો-બાગાયતી પાકોના સંગ્રહક્ષમતાવર્ધન માટે ૨૦૨૨ સુધીમાં કોલ્ડ સ્ટોરેજ સંગ્રહક્ષમતા ૩૦ લાખ મેટ્રિક ટન કરવાની નેમ - મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ખેડૂતોની ખેતપેદાશો અને બાગાયતી પાકોના સંગ્રહના ક્ષમતાવર્ધન માટે રાજ્યમાં ૨૦૨૨ સુધીમાં હાલની કોલ્ડ સ્ટોરેજ સંગ્રહક્ષમતા વધારીને ૩૦ લાખ મેટ્રિક ટન કરવાની નેમ વ્યકત કરી છે. આ સંદર્ભમાં તેમણે કહ્યું કે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૨૦૨૨ સુધીમાં ખેડૂતોની આવક બમણી કરવાનો જે સંકલ્પ સેવ્યો છે તેમાં ગુજરાત અગ્રેસર રહેવા પ્રતિબદ્ધ છે.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, રાજ્યમાં મલ્ટી કોમોડિટી કન્ટ્રોલ એટમોસ્ફિયર ટેક્નોલોજી સાથેના કોલ્ડ સ્ટોરેજ ઊભા કરવા રૂ. ૫૦ કરોડનું પ્રાવધાન રાજ્યના બજેટમાં કરવામાં આવ્યું છે. મુખ્યમંત્રીશ્રીએ કેન્દ્રીય કૃષિ કલ્યાણ રાજ્યમંત્રી શ્રી પરસોત્તમ રૂપાલાજીની ઉપસ્થિતિમાં મહાત્મા મંદિર ખાતે આયોજિત ઈન્ટરનેશનલ એક્ઝિબિશન એન્ડ કોન્ફરન્સ ઓન કોલ્ડ ચેઈન, ઈન્ડસ્ટ્રીયલ રેફ્રિજરેશન અને રિફર ટ્રાન્સપોર્ટને ખુલ્લું મૂક્યું હતું. આ ત્રિદિવસીય રેફકોલ્ડ EEFCOLD પ્રદર્શનીમાં ભારતનાં રાજ્યો ઉપરાંત દુનિયાના વિવિધ દેશોના ૧૦૦થી વધુ એક્ઝિબિટર્સ ભાગ લઈ રહ્યા છે.

- **મલ્ટી કોમોડિટી કન્ટ્રોલ એટમોસ્ફિયર ટેક્નોલોજી સાથેના કોલ્ડ સ્ટોરેજ માટે રૂ. ૫૦ કરોડનું પ્રાવધાન બજેટમાં કર્યું છે**
- **૨૦૨૨ સુધીમાં કિસાનોની આવક બમણી કરવાના પ્રધાનમંત્રીશ્રીના સંકલ્પમાં REFCOLD ઉત્કૃષ્ટ પ્રદાન કરી શકે**
- **ગુજરાતમાં ૩૭૫ થી વધુ પોટેટો કોલ્ડ સ્ટોરેજ-૧૪૦થી વધારે મિકસ કોમોડિટી કોલ્ડ સ્ટોરેજ કાર્યરત છે**
- **વાયબ્રન્ટ-૨૦૧૯માં જોડાઈ નેટવર્કિંગનો લાભ લેવા ઈજન**

શ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું કે, ખેડૂતની ખેતપેદાશથી લઈને ફૂડ પ્રોડકટ ઈન્ડસ્ટ્રીઝ સુધીની સમગ્ર વેલ્યુચેઈનમાં આજે રેફ્રિજરેશન ફેસેલિટીઝ અને કોલ્ડ સ્ટોરેજની ભૂમિકા લગાતાર વધતી રહી છે.

અગાઉ આવી સુવિધાઓના અભાવે ખેડૂતને પોતાનાં ઉત્પાદનો બહુ નજીવા ભાવે વેચી દેવા પડતા અને આર્થિક નુકસાન વેઠવા વારો આવતો એમ પણ તેમણે ઉમેર્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે હવેનો સમય બદલાયો છે. કેન્દ્રની વર્તમાન






NDA સરકાર કિસાનોની આવક ૨૦૨૨ સુધીમાં બમણી કરવાના ધ્યેયમંત્ર સાથે પ્રોડક્ટિવિટી સાથોસાથ પ્રોફિટેબિલિટીને પણ અહેમિયત આપે છે.

આ સંપૂર્ણ પ્રક્રિયામાં કોલ્ડ ચેઈન અને રેફ્રિજરેશન ફેસેલિટીઝ મહત્ત્વનું પરિબળ છે, એમ તેમણે ઉમેર્યું હતું.

શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાત દૂધ, ફળ-ફળાદી, શાકભાજી અને સી-પ્રોડકટસ જેવી હાઈલી પેરીશેબલ ફૂડ પ્રોડકટના ઉત્પાદનમાં અગ્રણી છે. તેની ભૂમિકા આપતાં કહ્યું કે, રાજ્ય સરકાર કોલ્ડ સ્ટોરેજ ફેસેલિટીઝને પ્રોત્સાહન માટે આગળ વધી રહી છે.

મુખ્યમંત્રીશ્રીએ રાજ્યમાં ૩૭૫ થી વધુ પોટેટો કોલ્ડ સ્ટોરેજ તેમજ ૧૪૦થી વધારે મિકસ કોમોડિટી કોલ્ડ સ્ટોરેજ છે તેની છણાવટ કરતાં કહ્યું કે, કોલ્ડ સ્ટોરેજ, પેક હાઉસ, ઈરેડિયેશન પ્લાન્ટ સ્થાપવા રૂ. ૫ કરોડ સુધીની સબસીડી તેમજ કૃષિ ઉત્પાદનોની આંતરરાષ્ટ્રીય નિકાસને વેગ આપવા એર કાર્ગો-સી.કાર્ગો માટે રૂ. ૧૦ લાખ સુધીની ટ્રાન્સપોર્ટેશન સબસીડી પણ આપવામાં આવે છે.

શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતને ઉર્વરા ભૂમિ ગણાવતાં આ કોન્ફરન્સ-એક્ઝિબિશનમાં સહભાગી થયેલા એક્ઝિબીટર્સને રાજ્યના ૧૬૦૦ કિ.મી. દરિયાકાંઠે કોલ્ડ ચેઈન વૃદ્ધિનો તેમજ સૌર ઊર્જાના વિનિયોગથી કોલ્ડ સ્ટોરેજ-રેફ્રિજરેશન સુવિધાઓના ખર્ચને ઓછો કરવાની વ્યૂહાત્મકતાનો પણ લાભ લેવા ગુજરાતમાં આવવા આહ્વાન કર્યું હતું. તેમણે આગામી જાન્યુઆરી-૨૦૧૯ની વાયબ્રન્ટ સમિટમાં પણ આ એક્ઝિબિટર્સ મુલાકાત લઈ નેટવર્કિંગનો વ્યાપક લાભ લે તેવી અપીલ કરી હતી.

મુખ્યમંત્રીશ્રીએ આ કોન્ફરન્સ અને પ્રદર્શની નવીનતમ ટેક્નોલોજી, ભવિષ્યના પડકારોને પહોંચી વળવાના નવા આયામોના વિચારમંથનનું સક્ષમ પ્લેટફોર્મ બનશે તેવો વિશ્વાસ દર્શાવ્યો હતો.

કેન્દ્રીય કૃષિ કલ્યાણ અને પંચાયત રાજ્ય મંત્રી શ્રી પરસોત્તમભાઈ રૂપાલાએ દેશ-વિદેશમાંથી રેફ કોલ્ડ-૨૦૧૮ ઇન્ડિયામાં ભાગ લેવા આવેલા પ્રતિનિધિઓને આવકારતાં કહ્યું કે, ખેતીની સાથે-સાથે ડેરી ઉદ્યોગ પણ આ ક્ષેત્રે વધુ બળવત્તર બને તે માટે આપણે પ્રયાસો કરવા પડશે. ગુજરાતનું અમૂલ ડેરી પ્રોડક્ટ ટેસ્ટ ઓફ ઇન્ડિયા બની ગયું છે. તેમણે કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા ખેડૂતોની આવક બમણી કરવાનો નિર્ધાર કર્યો છે, જેના ભાગરૂપે કિસાન સંપદા યોજના કાર્યાન્વિત કરી છે. તેનો મહત્તમ લાભ ખેડૂતો અને લોકો લઈ શકે તે માટે જાગૃતિની સાથે સાથે કોલ્ડ સ્ટોરેજ, રેફ્રિજરેશન ક્ષેત્રે સંકળાયેલા લોકોએ પણ સક્રિય યોગદાન આપવું જોઈએ.

તેમણે ઉમેર્યું કે, ગુજરાતમાંથી કેરી સહિત વિવિધ ફળો, શાકભાજીની નિકાસ થાય છે તેમાં રેફ્રિજરેશન ઉદ્યોગની મહત્ત્વની ભૂમિકા રહી છે. રાજ્યમાં ચીકુનું વધુ ઉત્પાદન થાય છે ત્યારે ચીકુનો ટેસ્ટ વિશ્વના લોકો સુધી પહોંચે એવા પ્રયાસો કરીશું તો કાર્યક્રમ ચોક્કસ ફળીભૂત નીવડશે.

તેમણે કહ્યું કે, વડાપ્રધાનશ્રી દ્વારા સૌનો સાથ સૌનો વિકાસના મંત્રને ચરિતાર્થ કરવા માટે કેન્દ્ર સરકારે સ્ટાર્ટઅપ ઇન્ડિયા, ડિજિટલ ઇન્ડિયાના નવા નવા આયામો હાથ ધર્યા છે. એમાં પણ આ ટેક્નોલોજી વધુ ને વધુ ઉપયોગી નીવડશે એવી આશા વ્યક્ત કરી હતી. તેમણે ગ્લોબલ વોર્મિંગના પ્રશ્નને નાથવામાં પણ આ કાર્યક્રમ મહત્ત્વનો બની રહે તેવું મનોમંથન કરવા અનુરોધ કર્યો હતો. રેફકોલ્ડ ઇન્ડિયાના ચેરમેન શ્રી પંકજ ધારકરે સ્વાગત પ્રવચનમાં તા. ૨૨ થી ૨૪ નવેમ્બર દરમિયાન યોજાનારી રેફકોલ્ડ ઇન્ડિયાની વિસ્તૃત વિગતો આપી હતી. તેમજ ઈશરે દ્વારા યોજાતી વિવિધ પ્રવૃત્તિઓની વિગતો આપી હતી. •

## સુરત જિલ્લાના માંગરોળ ખાતે ગુજરાતના પ્રથમ 'ફૂડ એગ્રો ઈન્ફ્રાસ્ટ્રકચર મેગા ફૂડ પાર્ક'નો મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે પ્રારંભ




### વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના સંકલ્પને સાકાર કરવા ગુજરાતમાં રૂા.૧૨૦ કરોડના ખર્ચે ફૂડ એગ્રો પ્રોસેસિંગ પાર્ક બનાવાયો છે - શ્રીમતી હરસિમરત કૌર બાદલ

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ કેન્દ્ર અને રાજ્ય સરકારના સહયોગ વડે સુરત જિલ્લાના માંગરોળ તાલુકાના શાહ ગામ ખાતે ૭૦ એકર વિસ્તારમાં રૂા.૧૨૦ કરોડના ખર્ચે નિર્મિત ગુજરાતના 'ફૂડ એગ્રો ઈન્ફ્રાસ્ટ્રકચર મેગા ફૂડ પાર્ક'નું લોકાર્પણ કરી, જગતનો તાત રૂએ દિન રાત નહીં, પણ ખરા અર્થમાં જગતનો તાત બની રહે એ દિશામાં સરકાર સંકલ્પબદ્ધતા સાથે આગળ વધી રહી હોવાનું જણાવ્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ કેન્દ્રીય ફૂડ ઈન્ડસ્ટ્રીઝ મંત્રી શ્રીમતી હરસિમરત કૌર બાદલ, કેન્દ્રીય ફૂડ ઈન્ડસ્ટ્રીઝ વિભાગના રાજ્યમંત્રી સાધ્વી નિરંજન જ્યોતિ, આદિજાતિ વિકાસમંત્રી શ્રી ગણપતસિંહ વસાવા સાથે ફૂડ પ્રોસેસિંગ એકમની મુલાકાત લીધી હતી.

જગતના તાતની આવક બમણી કરવાના સંકલ્પને દોહરાવતાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ એક વિઝન સાથે ખેડૂત સાધન-સંપન્ન બને એ દિશામાં અનેક ક્રાંતિકારી પગલાંઓ લીધાં છે. ખેડૂતના પાકની જાળવણી સાથે, મૂલ્યવૃદ્ધિ, માર્કેટિંગની વ્યવસ્થા કરીને, એગ્રો પોલિસી બનાવી છે. ખેડૂતો વધુ સમૃદ્ધ બને એ દિશામાં રાજ્ય સરકાર પ્રકલ્પોને સાકાર કરીને, ગુજરાતની વિકાસની ગતિમાં ખેડૂતોની ભૂમિકાની મહત્તા સમજાવી હતી.

રાજ્ય સરકારે ખેડૂતોના હિત માટે અનેક કદમ ઉઠાવ્યાં છે, દશ વર્ષમાં ૬૦૦ થી વધુ કોલ્ડ સ્ટોરેજ ગુજરાતમાં છે. ફૂડ ઈન્ડસ્ટ્રીઝ ક્ષેત્રે રૂા.ત્રણ હજાર કરોડનું રોકાણ થયું છે, આવનારા વાયબ્રન્ટ સમિટ-૨૦૧૯ માં રૂા.પાંચ હજાર કરોડનું રોકાણ થશે, એમ મુખ્યમંત્રીશ્રીએ સંકલ્પબદ્ધતા સાથે જણાવ્યું હતું.

ગુજરાતના ખેડૂતોને સાધનસંપન્ન બનાવવાનો નિર્ધાર વ્યક્ત કરતાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ખેડૂતોને શૂન્ય ટકાના દરે લોન, સિંચાઈ માટે માળખાકીય સવલતો, જ્યોતિગ્રામ યોજના હેઠળ ખેડૂતોને સમયસર વીજળી સાથે ગામ, શહેર, ગુજરાત સુખી સંપન્ન બને એ દિશામાં ગુજરાત દિશાસૂચક બન્યું છે.

ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝે કેરી, દાડમ, ખારેક વગેરેમાં સુવ્યવસ્થિત આયોજન સાથે, પ્રોસેસિંગ કરીને ખેડૂતોને મૂલ્યવર્ધિત ઊપજ મળે એ માટે વેલ્યુ એડિશનનાં મહત્ત્વનાં કદમ ઉઠાવ્યાં છે. કૃષિક્ષેત્રમાં ક્રાંતિ લાવીને ફૂડ પ્રોસેસિંગ ક્ષેત્ર ગુજરાતના ખેડૂતો માટે આશીર્વાદરૂપ બનશે, તેમ મુખ્યમંત્રીશ્રીએ દૃઢતા સાથે જણાવ્યું હતું.

કેન્દ્રીય ફૂડ પ્રોસેસિંગ ઈન્ડસ્ટ્રીઝના મંત્રી શ્રીમતી હરસિમરત કૌર બાદલે પૂ. મહાત્મા ગાંધી અને સરદાર વલ્લભભાઈ પટેલની પવિત્ર ધરતી સાથે પંજાબ સાથે જૂનો નાતો રહ્યો હોવાનું જણાવ્યું હતું. તેમણે કહ્યું કે, વડાપ્રધાનશ્રીના સંકલ્પને સાકાર કરવા ગુજરાતને રૂા.૧૨૦ કરોડ ફૂડ એગ્રો પ્રોસેસિંગ પાર્ક આપ્યો છે. ફૂડ મંત્રાલયે રૂા.૫૦ કરોડ આપ્યા છે, જેના કારણે ખેડૂતોને તેની ઊપજની મૂલ્યવૃદ્ધિના કારણે આવકમાં ઉમેરો થશે, કારણ કે રો-મટીરિયલ્સ ખેડૂતોની ઊપજ છે.

ફૂડપાર્ક થકી યુવાનો માટે રોજગારીનું પણ નિર્માણ થશે. ગુજરાતમાં બે એગ્રો પ્રોસેસિંગ ઈન્ડસ્ટ્રીઝ ફૂડ પાર્ક નિર્માણ પૈકી બીજો મહેસાણામાં બનશે. આ ઉપરાંત ગુજરાતમાં ૧૮ કોલ્ડ સ્ટોરેજ, ૧૩ ફૂડ ટેસ્ટીંગ લેબ, એક મીની ફૂડ પાર્ક, સાત બેકવર્ડ-ફોરવર્ડ લીંકેજનું આયોજન છે.

ખેડૂતોની આવક બમણી કરવા

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ ઐતિહાસિક કદમ કેન્દ્ર સરકારે ઉઠાવ્યાં છે, વિશ્વની ફાસ્ટેસ્ટ ગોઇંગ ઈકોનોમી સાથે ભારત દેશ આગળ વધી રહ્યો છે. ફૂડ પ્રોસેસિંગ માટે રૂા.છ હજાર કરોડની ફાળવણી કરી હોવાનું કેન્દ્રીય ફૂડ એગ્રો ઈન્ડ્રસ્ટીઝ મંત્રીશ્રીએ જણાવ્યું હતું. તેમણે ઉમેર્યું હતું કે, કોલ્ડ સ્ટોરેજ માટે રૂા.૧૦ કરોડ, પ્રોસેસિંગ ફૂડ યુનિટ માટે રૂા.પાંચ કરોડ, મીની ફૂડ પાર્ક માટે રૂા.૩૫ કરોડ અને બેકવર્ડ-ફોરવર્ડ લીંક યોજના હેઠળ નાના-મોટા ખેડૂતોને સહાય આપવામાં આવે છે, તેનો લાભ લેવા અનુરોધ કર્યો હતો.

કેન્દ્રીય ફૂડ ઈન્ડસ્ટ્રીઝના રાજ્યમંત્રી સાધવી નિરંજન જ્યોતિએ પૂ. મહાત્મા ગાંધીજીને નમન કરીને જણાવ્યું હતું કે, ગુજરાત એ જ ધરતી છે, જ્યાંથી દેશની આઝાદીનું બ્યૂગલ ફૂંકાયું હતું. એવી ધરતી પર વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સંકલ્પને સાકાર કરતા રાજ્યના પ્રથમ ફૂડ પ્રોસેસિંગ પાર્કનું નિર્માણ થયું છે. ખેડૂતોની આવક બમણી કરવાના સંકલ્પને પૂરો કરવા આ સરકાર ઝડપથી આગળ વધી રહી છે. ફૂડ પ્રોસેસિંગ ઉદ્યોગને વેગ સાથે લોકોને રોજગારીનો અવસર મળ્યો છે. ફૂડ પ્રોસેસિંગ ક્ષેત્રે ભારતે અનેક કામયાબીઓ હાંસલ કરી છે. રાજ્યના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી ગુજરાતમાં ફૂડ પ્રોસેસિંગ ક્ષેત્રને વેગવંતુ બનાવવા પ્રયાસ કરી રહ્યા છે, તે અભિનંદનને પાત્ર છે. આદિજાતિ વિકાસમંત્રી શ્રી ગણપતસિંહ વસાવાએ કેન્દ્ર અને રાજય સરકારને અભિનંદન પાઠવ્યાં હતાં. તેમણે જણાવ્યું હતું કે, રાજ્યનો પ્રથમ ફૂડ પાર્ક આદિવાસી ક્ષેત્રમાં નિર્માણ થયો છે. સુરત જિલ્લાના ખેડૂતો માટે સોનેરી અવસર આવ્યો છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનો વર્ષ ૨૦૨૨ સુધી ખેડૂતોની આવક બમણી કરવાનો સંકલ્પ સાકાર થઈ રહ્યો છે. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ જગતના તાતની ચિંતા કરી છે. કેન્દ્ર-રાજ્ય સરકાર ખેડૂતોની હિતકારી સરકાર છે. ખેડૂતો સમૃદ્ધ બને તે માટે સિંચાઈ સુવિધા માટે રૂા.૪૫૦૦ કરોડ ફાળવવામાં આવ્યા છે, જેનું કાર્ય થઈ રહ્યું છે. મંત્રીશ્રીએ ટેકાના ભાવની ડાંગરની ખરીદી, સિંચાઈ પિયાવાની વ્યાજ માફી અને નહેરોના નવીનીકરણ અંગેનો ચિતાર પણ આપ્યો હતો.

## ગુજરાતને બેસ્ટ એગ્રિકલ્ચર સ્ટેટ એવોર્ડ એનાયત



'ઇન્ડિયન કાઉન્સિલ ઓફ ફૂડ એન્ડ એગ્રિકલ્ચર' નવી દિલ્હી દ્વારા '૧૧માં ગ્લોબલ એગ્રિકલ્ચર લીડરશીપ સમિટ એન્ડ લીડરશીપ એવોર્ડ-૨૦૧૮'ના કાર્યક્રમમાં નવી દિલ્હી ખાતે ગુજરાત રાજ્યને 'બેસ્ટ એગ્રિકલ્ચર એવોર્ડ' એનાયત કરવામાં આવ્યો હતો. ગુજરાત રાજ્ય વતી આ એવોર્ડ કૃષિ મંત્રી શ્રી આર.સી.ફળદુએ કેન્દ્રીય ગૃહ મંત્રીશ્રી રાજનાથ સિંહના હસ્તે સ્વીકાર્યો હતો. ઇન્ડિયન કાઉન્સિલ ઓફ ફૂડ એન્ડ એગ્રિકલ્ચર દ્વારા પ્રાયોજિત ગ્લોબલ એગ્રિકલ્ચર લીડરશીપ એવોર્ડની પસંદગી પ્રક્રિયા અંતર્ગત હરિતક્રાંતિના પ્રણેતા પ્રો. એમ. એસ. સ્વામીનાથનના અધ્યક્ષસ્થાને રચિત જ્યુરી દ્વારા રાજ્યની 'બેસ્ટ એગ્રિકલ્ચર સ્ટેટ' એવોર્ડ માટે પસંદગી કરવામાં આવેલ.

ગુજરાત કૃષિ ક્ષેત્રે નવા આયામો અપનાવવામાં અને નવી પહેલ કરવામાં હંમેશાં અગ્રેસર રહ્યું છે. ગુજરાત રાજ્યએ કૃષિક્ષેત્રે વિવિધ અભિગમ અપનાવી કૃષિક્ષેત્રે અમાપ સફળતાઓ હાંસલ કરી છે. કૃષિ મહોત્સવ, સોઈલ હેલ્થ કાર્ડ, જળસંચય, સૂક્ષ્મ પિયત, બાગાયત, પોસ્ટ હાર્વેસ્ટ મેનેજમેન્ટ, ડેરી અને પશુપાલન થકી ગુજરાત રાજ્યે એક નવી દિશા ચીંધી છે. છેલ્લાં બે થી ત્રણ વર્ષોમાં પણ ગુજરાત રાજ્ય કૃષિક્ષેત્રે નવી તકનીક અપનાવવામાં અને કૃષિક્ષેત્રનો વિકાસ ટકાવી રાખવા માટે કટિબદ્ધ રહ્યું છે. કપાસ રાજ્યનો મહત્ત્વનો પાક છે અને રાજ્યની કૃષિ આવકમાં મહત્ત્વનો ફાળો ધરાવે છે. છેલ્લાં થોડાં વર્ષોમાં બી.ટી. કપાસ સામે ગુલાબી ઇયળ એટલે કે પિંક બોલવોર્મ દ્વારા પ્રતિરોધકતા કેળવી લેવામાં આવતાં કપાસ સામે નવો ખતરો ઉપસ્થિત થયો હતો, પરંતુ રાજ્યના કૃષિ વિભાગ દ્વારા આ માટે કૃષિ વિસ્તરણ અને ગુલાબી ઇયળના નિયંત્રણ માટે સંકલિત અભિગમ અપનાવવામાં આવતાં રાજ્યએ ગુલાબી ઇયળનું સફળતાપૂર્વક નિયંત્રણ કરવામાં સફળતા હાંસલ કરી છે. નવી ટેક્નોલોજી અપનાવવામાં ગુજરાત હંમેશા અગ્રેસર રહ્યું છે. રાજ્ય દ્વાર કૃષિક્ષેત્રે સેટેલાઈટ ઈમેજીસ, જીઆઈએમ મેપિંગ અને યુએવીના ઉપયોગથી ટેક્નોલોજી બાબતે હરણફાળ ભરી છે.

## ઈન્ડિયા ટુ-ડે સ્ટેટ ઓફ ધ સ્ટેટ કોન્કલેવ-૨૦૧૮ : ગુજરાતને બેસ્ટ ઇન્ફ્રાસ્ટ્રકચર એવોર્ડ




# ગુજરાત દેશનાં અતિ ઝડપી વિકાસ પામતાં રાજ્યોમાં અગ્રેસર છે, રાજ્યના ખૂણે-ખૂણે વિકાસનાં ફળો પહોંચ્યાં છે - મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતમાં વિકાસનાં ફળો રાજ્યના હરેક ખૂણામાં પહોંચાડીને ગુજરાતને દેશમાં ડેવલપમેન્ટનું રોલ મોડેલ બનાવ્યું છે તેમ ગૌરવસહ જણાવ્યું છે. તેમણે ઉમેર્યું કે, માત્ર ઉદ્યોગો જ નહિ, આરોગ્ય, શિક્ષણ, લઘુ ઉદ્યોગ ક્ષેત્ર તથા મહિલા સશક્તિકરણ જેવા વિષયોમાં પણ ભાવિ દીર્ઘદૃષ્ટિ સાથે ગુજરાત શ્રેષ્ઠ રાજ્ય બનીને દેશનાં અતિ ઝડપી વિકસિત રાજ્યોમાં અગ્રેસર બન્યું છે. નવી દિલ્હીમાં ઈન્ડિયા ટુ-ડે કોન્કલેવ-૨૦૧૮ અંતર્ગત 'બેસ્ટ ઈન્ફ્રાસ્ટ્રકચર ઍવોર્ડ' મુખ્યમંત્રીશ્રીને ઉપરાષ્ટ્રપતિ શ્રી વૈંકૈયા નાયડુના હસ્તે એનાયત કરવામાં આવ્યો હતો.

શ્રી વિજયભાઈ રૂપાણીએ આ ઍવોર્ડ સ્વીકારતાં રાજ્યના સામાજિક, આર્થિક સમાંતર વિકાસની ભૂમિકા આપી હતી. તેમણે કહ્યું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની સંકલ્પનાનું શ્રેષ્ઠ રાજ્ય ગુજરાતને બનાવવાની દિશા અમે લીધી છે.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે ગુજરાત ડ્રગ્સ એન્ડ ફાર્માસ્યુટિકલ્સ, ડેરી, એન્જિનિયરીંગ, ટેક્ષટાઈલ્સ વગેરે ક્ષેત્રોમાં નેશનલ લીડર છે.

ગુજરાત મેન્યુફેકચરીંગ હબ તરીકે જાણીતું છે. એટલું જ નહિ, વર્લ્ડ કલાસ ઈન્ડસ્ટ્રીયલ ઈન્ફ્રાસ્ટ્રકચર, વર્લ્ડ કલાસ વોટર ઈન્ફ્રાસ્ટ્રકચર અને વર્લ્ડ કલાસ રોડ નેટવર્ક પણ ગુજરાતના વિકાસનાં આગવાં પરિમાણ છે.

શ્રી વિજયભાઈ રૂપાણીએ કહ્યું કે, સરદાર સાહેબની વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટી સમગ્ર રાષ્ટ્રનું ગૌરવ બની છે.

મુખ્યમંત્રીશ્રીએ રાજ્યના પોર્ટ સેકટરની સિદ્ધિઓ અને વિશેષતાઓનો ઉલ્લેખ કરતાં જણાવ્યું કે, દેશના મોટા ભાગના માલ-સામાનની આયાત-નિકાસ ગુજરાતનાં ૪૮ જેટલાં બંદરો પરથી થાય છે.

૧૯૯૫માં કુલ ૪૭૫ લાખ મેટ્રિક ટન કાર્ગો હેન્ડલીંગની સામે આજે ૪૪૦૦ લાખ મે.ટન ૧૦ગણું કાર્ગો હેન્ડલીંગ ગુજરાતનાં બંદરો કરે છે.

૧૯૯૬માં દેશનું સૌ પ્રથમ ખાનગી પોર્ટ પીપાવાવમાં વિકસિત કરવામાં આવ્યું છે. આ ઉપરાંત ૨૦૦૧માં દહેજમાં દેશનું પ્રથમ કેમિકલ ટર્મિનલ ગુજરાતે વિકસાવ્યું છે. દહેજ હવે તો દેશનું ફર્સ્ટ LNG ટર્મિનલ સાથે મલ્ટીપરપઝ પોર્ટ બન્યું છે.

રાજ્ય સરકારની પ્રો-એક્ટિવ પોલિસીઝ અને દૃષ્ટિવંત નેતૃત્વને કારણે પોર્ટ સેકટરના વિકાસને નવી ગતિ મળી છે એમ પણ મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતના વિશ્વસ્તરીય ઈરીગેશન ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિષેની પ્રસ્તુતિમાં કહ્યું કે વર્ષ ૧૯૯૫માં રાજ્યમાં માત્ર ૩૫ લાખ હેક્ટર જમીન માટે સિંચાઈ સુવિધા ઉપલબ્ધ હતી, જે હાલમાં વધારીને ૧૫૯.૧ લાખ એકર વિસ્તાર સુધીની થઈ છે. "સૌની યોજના"ના અસરકારક અમલ દ્વારા સૌરાષ્ટ્ર અને કચ્છમાં પીવાના પાણીની અછતની સમસ્યા દૂર થઈ છે.

મુખ્યમંત્રીશ્રીએ ઉદ્યોગ ક્ષેત્રે શ્રેષ્ઠ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અંગેની ભૂમિકા આપતાં કહ્યું હતું કે ગુજરાત મેન્યુફેક્ચરિંગ હબ છે. માંડલ-બેચરાજી SIE (સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રીઝન) વિશ્વનાં સૌથી મોટા ઓટો હબ તરીકે ઊભરી રહ્યાં છે. મારૂતિ-સુઝુકી દ્વારા આ વિસ્તારમાં રૂ.૮,૦૦૦ કરોડનું રોકાણ કરવામાં આવ્યું છે. આ વિસ્તાર દિલ્હી-મુંબઈ ફ્રેઈટ કોરીડોરનો ભાગ છે તેથી વ્યૂહાત્મક રીતે ખૂબ મહત્ત્વ ધરાવે છે.

શ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું કે, ધોલેરા સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રીજન

ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રે નવીન દિશા આપશે. ૯૨૦ થી વધારે સ્કવેર કિલોમીટર વિસ્તારને વિકસિત કરવામાં આવી રહ્યો છે જે સિંગાપોરના કુલ વિસ્તાર કરતાં પણ વધુ છે. સરકાર દ્વારા હકારાત્મક નીતિ અને યોજનાઓ દ્વારા સર્વિસ સેક્ટરને પ્રોત્સાહન આપી રહ્યા છીએ, જેનાથી નજીકના ભવિષ્યમાં તેનાં સારાં પરિણામો પ્રાપ્ત થશે એમ તેમણે ઉમેર્યું હતું.

વીજ ક્ષેત્રે ગુજરાત સરપ્લસ સ્ટેટ છે અને તે મોટી સિદ્ધિ છે. આજે ગુજરાતમાં ૧ લાખ મિલિયન યુનિટ્સ વીજળીનું ઉત્પાદન થાય છે. વર્ષ ૧૯૯૫માં માત્ર ૩૬૭૩૨ મિલિયન યુનિટ્સ ઉત્પાદન થતું હતું. રાજ્ય સરકાર દ્વારા દરેક ઘરમાં ૨૪ કલાક વીજળી પૂરી પાડવામાં આવી રહી છે. ખેડૂતોને ત્રણ ફેઝની ૮ કલાક વીજળી ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે. તેમણે કૉન્ક્લેવમાં આરોગ્ય ક્ષેત્ર, શિક્ષણ ક્ષેત્ર, સિંચાઈ ક્ષેત્રે ઈન્ફ્રાસ્ટ્રક્ચર વગેરે વિશે પણ વિશદ છણાવટ કરી હતી.

મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતના નાગરિકો અને તેમના સાહસિકપણા વિશે તેમજ વિવિધ પરિમાણો પર ગુજરાતની સફળતામાં યોગદાન આપવાના પ્રયત્નો પર પણ ભાર મૂક્યો હતો. મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, આગામી ૧૮-૨૦ જાન્યુઆરી, ૨૦૧૯ ગાંધીનગરમાં મહાત્મા મંદિર ખાતે વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં ૧૦ થી વધારે દેશો પાર્ટનર કન્ટ્રી છે. વાયબ્રન્ટ સમિટમાં ઉદ્યોગજગતના અગ્રણીઓ અને ઉદ્યોગપતિઓ ગુજરાતમાં રોકાણ કરવાના લક્ષ્યાંક સાથે ઈવેન્ટમાં ભાગ લેશે, તેવો વિશ્વાસ તેમણે દર્શાવ્યો હતો.

•

## નહેરુ ગાંધી પરિવારે સત્તા અને સંગઠન દાયકાઓ સુધી ઘરમાં જ રાખ્યું

પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ કહ્યું હતું કે નહેરુ ગાંધી પરિવારે સત્તા અને સંગઠન દાયકાઓ સુધી ઘરમાં જ રાખ્યું છે. **આ સંદર્ભે વિશેષ વિગતો આપતાં શ્રી ભરતભાઈ પંડ્યાએ જણાવ્યું હતું કે આ દેશમાં પ્રધાનમંત્રી તરીકે શ્રી નહેરુજીએ ૧૬ વર્ષ-૨૮૬ દિવસ, શ્રી ઈન્દિરાજીએ ૧૫ વર્ષ અને ૩૬૦ દિવસ, શ્રી રાજીવ ગાંધી ૫ વર્ષ-૩૨ દિવસ, શ્રી મનમોહનસિંહજી ૧૦વર્ષ-૪ દિવસ તે સમયે ભ્રષ્ટાચારમાં મૌન,વિશ્વમાં ખરડાયેલી દેશની છબીમાં મૌન,વિકાસમાં અનિર્ણાયક અને બેક સીટ પર શ્રીમતી સોનિયા ગાંધીએ અને રાહુલ ગાંધીએ રાજ ચલાવ્યું છે તે જનતાએ જોયું છે અને કોંગ્રેસ સંગઠનમાં શ્રી નેહરુજી ૧૯૨૯-૩૦,૧૯૩૬ અને ૧૯૫૧ થી ૧૯૫૪ (૭ વર્ષ), શ્રીમતી ઈન્દિરાજી ૧૯૫૯ અને ૧૯૭૮થી ૧૯૮૪ (૭ વર્ષ), શ્રી રાજીવ ગાંધી ૧૯૮૫ થી ૧૯૯૧ (૬ વર્ષ), શ્રીમતી સોનિયા ગાંધી ૧૯૯૮ થી ૨૦૧૭ (૧૯ વર્ષ) આમ કુલ ૩૯-૪૦ વર્ષ કોંગ્રેસનું રાષ્ટ્રીય અધ્યક્ષપદ ઘરમાં જ રાખ્યું અને હવે શ્રી રાહુલ ગાંધી અધ્યક્ષ છે. કોંગ્રેસના નેહરુ-ગાંધી પરિવારે ૩૮ વર્ષથી વધુ વર્ષ પ્રધાનમંત્રી તરીકે રાજ કર્યું છે અને શ્રી મનમોહનસિંહના બેકસીટ ડ્રાઈવિંગના ૧૦ વર્ષ એમ કુલ ૪૮ વર્ષ સુધી દેશનું શાસન નેહરુ-ગાંધી પરિવારે ચલાવ્યું અને કોંગ્રેસના સંગઠનમાં ૩૭ વર્ષ કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ નેહરુ-ગાંધી પરિવાર રહ્યો છે. હવે શ્રી રાહુલ ગાંધી રાષ્ટ્રીય અધ્યક્ષપદે ચાલુ છે. આમ કોંગ્રેસ માત્ર નેહરુ-ગાંધી પરિવારની પેઢી બની ગઈ છે.** જ્યારે ભાજપની રાષ્ટ્ર એ જ પરિવાર અને વસુધૈવ-કુટુમ્બકમ્‌ની ભાવના સાથેની વિચારધારા છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે જ્યારે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી અમિતભાઈ શાહ બુથના કાર્યકર્તામાંથી રાષ્ટ્રીય અધ્યક્ષ બન્યા છે અને તેમનાં વિઝન અને પરિશ્રમથી આજે ૧૩ કરોડ સભ્યો સાથે વિશ્વમાં સૌથી મોટી રાજકીય પાર્ટી ભાજપ બની છે અને શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કેન્દ્ર અને ૨૦ રાજ્યોમાં ભાજપની સરકાર બની તેમાં શ્રી અમિતભાઈનું મહત્ત્વનું યોગદાન છે.

શ્રી રાહુલ ગાંધીએ પહેલાં કોંગ્રેસના તાલુકા પ્રમુખ બનવું જોઈએ તેમ શ્રી પંડયાએ જણાવતાં કહ્યું હતું કે, નાની જવાબદારીથી કાર્યકર્તા અને સંગઠનનો અનુભવ મળે તેમાં ઘડતર થતું હોય છે. જો આ પ્રકારનો અનુભવ લીધો હોત તો શ્રી રાહુલ ગાંધીના નેતૃત્વમાં કોંગ્રેસ દેશમાં ૨૮ ચૂંટણી હાર્યા ન હોત.

શ્રી શંકરસિંહ વાઘેલાએ છેલ્લાં ૨૦ વર્ષથી કોંગ્રેસમાં હતા એટલે કોઈ મુસ્લિમને અધ્યક્ષ બનાવવા જોઈએ તેવી સલાહ ભાજપને આપવાને બદલે તેમણે કોંગ્રેસને આપવી જોઈએ. આમ પણ કોંગ્રેસમાં તેમના મિત્ર અને વર્ષોથી નેહરુ-ગાંધી પરિવાર એવાં કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષના વર્ષોથી રાજકીય સલાહકાર તરીકે રહ્યા છે. તેમને રાષ્ટ્રીય અધ્યક્ષ બનાવવા માટે મદદરૂપ થવું જોઈએ અને દેશની જનતાને યાદ છે કે ભાજપે શ્રી અબ્દુલ કલામને દેશના રાષ્ટ્રપતિ બનાવ્યાં હતાં.તેમશ્રી પંડયાએ અંતમાં જણાવ્યું હતું.

હેમત ગોહિલ (જામનગર)

**૨૬ નવેમ્બર : બંધારણ દિન**

# કોંગ્રેસે અનેક પ્રખર રાષ્ટ્રભક્તોની ઉપેક્ષા કરી રાષ્ટ્રભક્તો દ્વારા બનાવેલ બંધારણની પણ ઉપેક્ષા કરી

કોંગ્રેસે તેના ૬૦ વર્ષના કુ-શાસનમાં જો કોઈ મહાપાપ આચર્યું હોય તો તે ભારતના આઝાદી ચળવળના ક્રાંતિવીરોની યશગાથાને વિસરાવી દેવાનું છે. સ્વાતંત્ર્ય સંગ્રામમાં અગણિત નામી-અનામી વીરોએ પોતાના પ્રાણોની આહુતિ આપી છે. દેશવાસીઓએ એક યા બીજા પ્રકારે બલિદાન આપ્યાં છે. આમ છતાં, આઝાદી બાદ દેશ પર ખૂબ લાંબો સમય નહેરુ-ગાંધી પરિવારે શાસન ચલાવ્યું. આ સમયગાળા દરમ્યાન એવો કુ-પ્રચાર ચલાવવામાં આવ્યો કે આ પક્ષ અને નહેરુ-ગાંધી પરિવારના કારણે જ આપણને આઝાદી મળી હોય ! પરંતુ વાસ્તવિકતા એ છે કે નેવું વર્ષના સ્વાતંત્ર્ય સંગ્રામમાં નહેરુ-ગાંધી પરિવારનો હિસ્સો, દરિયામાં તણાતા એક 'તણખલા' જેટલો પણ નથી. ઊલટાનું નહેરુ-ગાંધી પરિવારે આ દેશને વિકાસના માર્ગે લઈ જવાને બદલે ઊલટી દિશામાં લઈ જવાનું કાર્ય કર્યું હોય તેમ લાગે છે. કોંગ્રેસના ૬૦ વર્ષના કુ-શાસનને કારણે દેશે ૬૦ વર્ષથી અવળી દિશામાં મંડાણ કર્યાં હોય તેમ આજે લાગી રહ્યું છે.

હમણાં હમણાં કોંગ્રેસના નેતાઓમાં ખોટા ગપગોળા ફેલાવવાની જાણે એક ફેશન થઈ પડી હોય તેમ લાગે છે. જયારથી કેન્દ્રમાં શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળની ભાજપ સરકાર કાર્યરત છે ત્યારથી બાળકબુદ્ધિ રાહુલ ગાંધી એવી ભ્રામક વાત કરી રહ્યા છે કે આ સરકાર બંધારણનું અપમાન અને અવહેલના કરી રહી છે. રાહુલ ગાંધીને એ વાત કોણ સમજાવે કે કેન્દ્રમાં જયારે જયારે બિનકોંગ્રેસી સરકાર આવી છે ત્યારે જ બંધારણનું અને લોકશાહીનું જતન થયું છે.

શ્રી નરેન્દ્રભાઈ મોદી જયારે ગુજરાત રાજયના મુખ્યમંત્રી હતા ત્યારે ૨૬ નવેમ્બર, બંધારણ દિન નિમિત્તે ગુજરાતમાં બંધારણને હાથીની અંબાડી ઉપર મૂકી, પ્રજાજનો વચ્ચે તેને સન્માનિત અને લોકપ્રિય કર્યું હતું. કેન્દ્રમાં માન. શ્રી અટલ બિહારી વાજપેયીજીના નેતૃત્વ હેઠળના એનડીએ શાસનમાં બંધારણ મુજબના શાસનનું અને લોકશાહી મૂલ્યોનું પૂર્ણ જતન થયું હતું. આજે શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ ભાજપા શાસનમાં પણ બંધારણ અને લોકશાહીનાં મૂલ્યોનું અમલીકરણ થાય છે. આઝાદી બાદ દેશમાં લગભગ પાંચ દાયકા સુધી કોંગ્રેસનું શાસન રહ્યું છે. આ શાસનકાળ દરમિયાન કોંગ્રેસે ભારતના પવિત્ર બંધારણના પાયારૂપ સિદ્ધાંતોની ખૂબ અવહેલના કરી છે, તેને ધરાશાયી કરવાનું મહાપાપ કોંગ્રેસે આચર્યું છે.

## શ્રેષ્ઠ બંધારણ

ભારતને આઝાદી મળી તે પહેલાં સન ૧૯૪૬થી જ દેશના બંધારણની રચના કરવાની પૂર્વતૈયારી થઈ ચૂકી હતી. તે સમયે દેશના શ્રેષ્ઠ વ્યક્તિઓની નિમણૂકો બંધારણસભાના સભ્ય તરીકે કરવામાં આવી હતી. ખૂબ મનોમંથનને અંતે શ્રેષ્ઠ લોકતંત્ર ધરાવતા ભારત દેશનું વિશાળ બંધારણ ઘડી કાઢવામાં આવ્યું. ડૉ. આંબેડકરની આગેવાની હેઠળની રચાયેલી બંધારણસભાએ ત્રણ વર્ષની મહેનતના અંતે રચાયેલ બંધારણને ૨૬ નવેમ્બર ૧૯૪૯ના દિને સુપરત કર્યું. તેનો અમલ ૨૬ મી જાન્યુઆરી, ૧૯૫૦થી કરવામાં આવ્યો.

આપણા બંધારણનો આરંભ 'આમુખ'થી થાય છે. આમુખના આરંભમાં જ 'વીથ પીપલ ઓફ ઈન્ડિયા' એવા શબ્દસમૂહથી થાય છે.

આમુખમાં આપણા રાજયશાસનના પાયારૂપ સિદ્ધાંતોનો અને જે ધ્યેયો આપણે સિદ્ધ કરવાના છે તેનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આપણે એક લોકશાહી, બિનસાંપ્રદાયિક અને પ્રજાસત્તાક દેશ છીએ, એનો સ્પષ્ટ ઉલ્લેખ આમુખમાં કરવામાં આવ્યો છે. બંધારણની પહેલી કલમમાં આપણે એક 'સંઘ રાજય' (સમવાયી રાજય) છીએ, એની પણ સ્પષ્ટતા કરવામાં આવી છે. આમ, આપણા રાજયશાસનના ચાર પાયારૂપ સિદ્ધાંતો લોકશાહી, પ્રજાસત્તાક, બિનસાંપ્રદાયિકતા અને સંઘ રાજય સ્વીકારવામાં આવ્યા છે.

### નહેરુને બંધારણ વિદેશીના હાથે બનાવવું હતું

તત્કાલીન વડાપ્રધાન જવાહરલાલ નહેરુ હંમેશા વિદેશી વિચારો અને વિદેશી સભ્યતાથી પ્રભાવિત રહ્યા છે. પશ્ચિમી સંસ્કૃતિ અને રહેણીકરણીને અનુસરવાવાળા નહેરુને ભારતનું બંધારણ પણ વિદેશી નાગરિકના હાથે ઘડાવવું હતું. નહેરુએ ભારતનું બંધારણ ઘડવાનું કામ ફ્રાન્સના જૈનિન નામના બંધારણ વિશારદને સોંપવાનું વિચારેલ. નહેરુએ જૈનિનના નામનો પ્રસ્તાવ મૂકતાં મહાત્મા ગાંધી તથા સૌ કોઈએ તેનો વિરોધ કરતાં કહ્યું કે દુનિયા શું કહેશે ? આવડા મોટા દેશમાં બંધારણ ઘડવા સારા નિષ્ણાતો નથી ?

### લોકશાહીની હત્યા કોંગ્રેસ દ્વારા કટોકટી

લોકશાહી એટલે 'લોકોનું, લોકો દ્વારા અને લોકો માટેનું શાસન'. બીજા શબ્દોમાં લોકોની ઈચ્છાને આધારે ચાલતું અને લોકોને જવાબદાર હોય એવું શાસન' તે લોકશાહી.

લોકશાહીનું બીજું મહત્ત્વનું પાસું છે, લોકોની સ્વતંત્રતા. વિચાર, વાણી, અભિવ્યક્તિ અને પોતાની ઈચ્છા મુજબનો ધર્મ પાળવાની સ્વતંત્રતા પ્રત્યેક નાગરિકને મળે છે. અખબારી સ્વાતંત્ર્ય એ લોકશાહીનું મહત્ત્વનું અંગ છે. લોકશાહી એક શાસનપદ્ધતિ ઉપરાંત સારું, સંસ્કારી જીવન જીવવાની એક રીત પણ છે.

આવી સુંદર લોકશાહીનું એકવાર ગળું ઘોંટી દેનાર બીજું કોઈ નહીં પણ કોંગ્રેસ જ છે. કોંગ્રેસે લોકશાહીનું ચીરહરણ કરેલ છે.

૨૫મી જૂન, ૧૯૭૫ના રોજ શ્રીમતી ઈન્દિરા ગાંધી દ્વારા કોઈપણ જાતના કારણ વગર, માત્ર પોતાની સત્તા બચાવવા દેશમાં કટોકટી લાદી દીધી હતી. વ્યક્તિગત મહત્ત્વાકાંક્ષા અને સત્તા માટે કોંગ્રેસનાં શ્રીમતી ઈન્દિરા ગાંધીએ લોકશાહીને ગળે ટૂંપો દઈ દીધો હતો. ભારતનાં ચિરંતન મૂલ્યો સામે પડકાર ઊભો થતાં દેશ હચમચી ગયો હતો.

અગાઉના બ્રિટિશકાળની બાહ્ય ગુલામી કરતાં આ આંતરિક ગુલામી વધુ ગૂંગળાવનારી બની રહી હતી. લોકોના મૂળભૂત અધિકારો મિટાવી દેવાયા, અખબારોની સ્વતંત્રતાને ગળાચીપ દેવાઈ, અદાલતોને નિર્વીર્ય બનાવી દેવાઈ, સંસદને પાંગળી બનાવી દેવાઈ, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ પર પ્રતિબંધ લાદી દેવાયો, મૂલ્યનિષ્ઠ વિપક્ષી રાજનેતાઓને જેલના સળિયા પાછળ ધકેલી દેવાયા, ૬૦ કરોડના આઝાદ રાષ્ટ્રને રાતોરાત ગુલામીમાં ધકેલી દેવાનું 'મહાપાપ' આ કોંગ્રેસ સરકારે કર્યું હતું.

### પ્રજાસત્તાક દેશમાં કોંગ્રેસનો વંશવાદ

ભારત એક પ્રજાસત્તાક અથવા ગણતંત્ર છે એનો અર્થ એ છે કે ભારતમાં કોઈ વ્યક્તિ કે કુટુંબનું વંશપરંપરાગત શાસન ચાલતું નથી. રાજયની અંતિમ સત્તા ભારતના સમસ્ત લોકોના હાથમાં રહી છે.

બધા લોકશાહી દેશો પ્રજાસત્તાક રાજ્ય હોય એવું નથી. દા.ત. યુનાઈટેડ કિંગ્ડમમાં લોકશાહી છે, પણ એ પ્રજાસત્તાક નથી. રાજયની અંતિમ સત્તાના ધારક ત્યાંના રાજા અથવા રાણી છે. રાજવી કુટુંબમાં જન્મ થયો હોય એ જ વ્યક્તિ ત્યાં રાજા કે રાણીનો હોદ્દો ધારણ કરી શકે છે. ત્યાં એ વારસાગત અથવા વંશપરંપરાગત અને આજીવન છે.

પ્રજાસત્તાકનો એક બીજો અર્થ છે ભારતના બંધારણ હેઠળ દેશના સર્વોચ્ચ વડા ભારતના રાષ્ટ્રપ્રમુખ - લોકો દ્વારા પરોક્ષ પદ્ધતિએ નિશ્ચિત સમય માટે ચૂંટાય છે. રાષ્ટ્રપ્રમુખનો હોદ્દો વંશપરંપરાગત નથી. ભારતનો કોઈપણ નાગરિક બંધારણે નક્કી કરેલા નિયમો અને લાયકાત ધરાવતો હોય તો તે, રાષ્ટ્રપ્રમુખના હોદ્દા માટે ચૂંટણીમાં ઊભો રહી શકે છે.

પ્રજાસત્તાકવાદનો નિયમ કેવળ દેશના સર્વોચ્ચ પદ - રાષ્ટ્રપ્રમુખને લાગુ પડે છે એવું નથી. દેશના બધા જ જાહેર હોદ્દાઓ - વડાપ્રધાન, મુખ્યપ્રધાન, અન્ય પ્રધાનો, સંસદ સભ્યથી લઈને નગરપાલિકાના સભ્ય સુધી સૌને આ નિયમ લાગુ પડે છે.

ભારતના બંધારણના પ્રજાસત્તાકવાદના આ પવિત્ર સિદ્ધાંતને કોંગ્રેસે કેવી રીતે અમલમાં મૂક્યો છે ? વંશપરંપરાગત શાસનને બદલે લોકશાહી ઢબે ચૂંટાયેલ, લોકોની ઈચ્છાનુસાર વડાની નિમણૂક શાસનમાં કરવી જોઈએ, પરંતુ કોંગ્રેસે નૈતિકતાનાં ધોરણોને નેવે મૂકી વંશપરંપરાગત ધોરણોને અપનાવી દેશ પર નહેરુ - ગાંધી પરિવારવાદનું સામ્રાજ્ય સ્થાપી દીધું છે. કોંગ્રેસે આઝાદી બાદના પ્રજાસત્તાકવાદને બદલે પરિવારવાદને વધારે પ્રોત્સાહન આપ્યું છે.

સરદાર વલ્લભભાઈ પટેલ સ્વતંત્ર ભારતના પ્રથમ વડાપ્રધાન પદના હકદાર હોવા છતાં રાષ્ટ્રના હિતમાં તેઓએ આ પદ પર બેસવાનો મોહ ન રાખ્યો. ગાંધીજીની ઈચ્છા અને

આગ્રહને શિરોમાન્ય ધરી તેઓએ જવાહરલાલ નહેરુ માટે પ્રધાનમંત્રી પદ માટે સાનુકૂળતા કરી આપી.

જેમ નહેરુએ પ્રધાનમંત્રી પદનો હક સરદાર પટેલ પાસેથી છીનવ્યો હતો તેવી રીતે નહેરુની પુત્રી ઇન્દિરા ગાંધીએ પણ અનેક પ્રકારના કાવાદાવા કરી મોરારજીભાઈ દેસાઈ હકદાર અને લાયક હોવા છતાં પ્રધાનમંત્રીનું પદ છીનવ્યું હતું.

શ્રીમતી ઇન્દિરા ગાંધીની હત્યાના કારણે ખાલી પડેલ પ્રધાનમંત્રીની ગાદી ઉપર કોંગ્રેસના કોઈ અનુભવી અને સિનિયર નેતાની પસંદગી કરવાને બદલે શ્રીમતી ઇન્દિરા ગાંધીના પુત્ર રાજીવ ગાંધીના માથે આ વિશાળ દેશની જવાબદારી નાંખી દેવામાં આવી. આમ, ફરી સત્તાવાર પ્રજાસત્તાક ભારત દેશના વડાપ્રધાન પદે વારસાઈ શાસન ચાલુ રહ્યું.

## કોંગ્રેસની સાંપ્રદાયિકતા મત માટે તુષ્ટીકરણ

આપણા બંધારણ પ્રમાણે આપણો દેશ એક બિનસાંપ્રદાયિક દેશ છે. આપણી સરકાર ધર્મના નામે કોઈ ભેદભાદ રાખશે નહિ. કોઈ ધર્મ પ્રત્યે પક્ષપાત કરી શકશે નહિ. રાજયનું શાસન કોઈ સંપ્રદાયની માન્યતાઓને આધારે ચાલતું ન હોય, રાજયના ફાયદા કોઈ સંપ્રદાયના સિદ્ધાંતોને આધારે ઘડવામાં આવતા ન હોય, રાજય સંપ્રદાયને આધારે એક નાગરિક અને બીજા નાગરિક વચ્ચે ભેદભાવ રાખતું ન હોય કે પક્ષપાત બતાવતું ન હોય. રાજયે સર્વધર્મ સમભાવ રાખવો જોઈએ.

આઝાદી બાદ તુરત જ કોંગ્રેસે બંધારણના આ બિનસાંપ્રદાયિકતાના સિદ્ધાંતનો છેદ ઉડાડી દીધો છે. મતબેંકની રાજનીતિને ધ્યાનમાં રાખીને કોંગ્રેસે તુરત જ મુસ્લિમ તુષ્ટીકરણની નીતિ અમલમાં મૂકી દઈ, ઢોંગી બિનસાંપ્રદાયિકતાની પોતાની માનસિકતા છતી કરી દીધી છે.

૧૯૫૯માં જવાહરલાલ નહેરુએ મુસ્લિમોને ખુશ કરવા હજ સબસિડીની શરૂઆત કરી. મુસલમાન ભાઈઓને હજ પઢવા માટે સબસિડી આપી તેની સામે વાંધો નથી, પણ બંધારણની સર્વધર્મ સમભાવની ભાવના અનુસાર બહુમતી હિન્દુ પ્રજાના લોકોને પણ અમરનાથ યાત્રા માટે સબસિડી જાહેર કરવી જોઈએ ને ? કોંગ્રેસ અને નહેરુએ અહીં બંધારણની ભાવનાઓનું સન્માન કેમ ન કર્યું ? જાન્યુઆરી ૨૦૧૮માં શ્રી નરેન્દ્રભાઈ મોદીએ હજયાત્રા માટેની સબસિડી બંધ કરી, આ નાણાંનો ઉપયોગ યુવતીઓના શિક્ષણ અને સશક્તિકરણ માટે કરવામાં આવશે. આ નિર્ણયને દેશભરના મુસલમાનોએ આવકાર્યો છે. રાજીવ ગાંધીએ પણ મુસ્લિમ તુષ્ટીકરણને પ્રોત્સાહન આપવાનું ચાલુ રાખ્યું. સુપ્રીમ કોર્ટે શાહબાનો કેસમાં જે ઐતિહાસિક ચુકાદો આપ્યો હતો તે ચુકાદાને રાજીવ ગાંધીએ બહુમતીના જોરે કાયદામાં જ પરિવર્તન કરી બદલાવી નાંખ્યો.

## સંઘરાજ્યમાં કોંગ્રેસ દ્વારા રાજ્યોને અન્યાય


ભારત એક સંઘ રાજય છે. એટલે કે જુદાં જુદાં રાજયોનો બનેલો એક ‘સંઘ’ અથવા ‘સમવાય’ છે. આપણા જેવા વિશાળ અને અનેક પ્રકારની વિવિધતા ધરાવતા દેશમાં એક જ કેન્દ્રમાંથી શાસન બરાબર થઈ શકે નહિ, એટલે બંધારણના ઘડવૈયાઓએ આપણા દેશ માટે સમવાયી અથવા સંઘીય શાસન વ્યવસ્થાની જોગવાઈ કરેલી છે.

સમવાયી અથવા સંઘીય શાસન વ્યવસ્થામાં બે પ્રકારની સરકારોની રચના કરવામાં આવે છે. સંઘ સરકાર અને રાજયોની સરકાર, આ બંને પ્રકારની સરકારો વચ્ચે કાર્યો અને સત્તાઓની સ્પષ્ટ વહેંચણી કરવામાં આવે છે. આવી બે સમાંતર સરકારો પોતપોતાનાં કાર્યો કરતી હોય છે. સામાન્ય રીતે એકબીજાનાં કાર્યોમાં દખલગીરી કરતી ન હોય અને બંને વચ્ચે સહકારભર્યા સંબંધો હોય એવી વ્યવસ્થાને સમવાયી અથવા સંઘીય વ્યવસ્થા કહેવામાં આવે છે.

બંધારણની જોગવાઈ મુજબ એ વાત સ્પષ્ટ છે કે, સંઘ સરકાર એટલે કેન્દ્રમાં રહેલી સરકાર અને રાજય સરકાર વચ્ચેના અરસપરસના સંબંધો સહકારભર્યા રહેવા જોઈએ, પરંતુ કેન્દ્રમાં જયારે જયારે કોંગ્રેસની સરકાર બની ત્યારે ત્યારે બિન કોંગ્રેસી રાજય સરકારોને અન્યાય કર્યો છે. ગુજરાતની જ વાત કરીએ તો કેન્દ્રમાં જયારે ડૉ. મનમોહનસિંઘના વડપણ હેઠળની યુ.પી.એ. સરકાર હતી ત્યારે ગુજરાતમાં શ્રી નરેન્દ્રભાઈ મોદીના મુખ્યમંત્રી પદ હેઠળ ભાજપા સરકાર હતી. તે સમયે ગુજરાત રાજયની એક પણ યોગ્ય માંગણી સ્વીકારી નહિ. ગુજરાતની લાગણીને ઠેસ પહોંચાડી કેન્દ્રની કોંગ્રેસ સરકાર ગુજરાતને સતત અન્યાય કરતી આવી.

●

# દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી મદનલાલ ખુરાના દિવંગત



**(૧૫ ઑક્ટોબર, ૧૯૩૬ - ૨૭ ઑક્ટોબર ૨૦૧૮)**

દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી શ્રી મદનલાલ ખુરાનાનું ૨૭ ઑક્ટોબરના દિવસે નિધન થઈ ગયું. ૮૨ વર્ષના શ્રી ખુરાના ૧૯૯૩થી ૧૯૯૬ સુધી દિલ્હીના મુખ્યમંત્રી પદે આરૂઢ હતા. તેમને ૨૦૦૪માં રાજસ્થાનના રાજ્યપાલ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા. શ્રી મદનલાલ ખુરાના રા. સ્વ. સંઘ સાથે સંકળાયેલા હતા.

શ્રી ખુરાનાનો જન્મ ૧૫ ઑક્ટોબર, ૧૯૩૬માં પાકિસ્તાનના લૈયલપુરમાં - જેને હવે ફૈસલાબાદ તરીકે ઓળખવામાં આવે છે - થયો હતો. તેઓ લગભગ ૧૨ વર્ષના હતા ત્યારે ભારત-પાકિસ્તાનના ભાગલાના કારણે તેમના પરિવારને દિલ્હી આવવું પડ્યું હતું. અહીં આવ્યા બાદ શ્રી ખુરાનાના પરિવારને કેટલાક દિવસો માટે શરણાર્થી શિબિરમાં રહેવું પડ્યું. શ્રી ખુરાનાએ દિલ્હી વિશ્વવિદ્યાલયની કિરોડીમલ કોલેજમાંથી બેચલરની ડિગ્રી મેળવી. ૧૯૫૯માં તેઓ પહેલી વખત વિદ્યાર્થી રાજનીતિમાં સક્રિય બન્યા અને તેમને અલ્લાહાબાદ યુનિવર્સિટીના મહામંત્રી તરીકે ચૂંટવામાં આવ્યા. તે પછી તેઓ ૧૯૬૦માં અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદના મહામંત્રી તરીકે ચૂંટાયા.

રાજનીતિમાં પ્રવેશ કર્યા પહેલાં શ્રી મદનલાલ ખુરાના દિલ્હી વિશ્વવિદ્યાલયમાં પીજીડીએવી કોલેજમાં પ્રોફેસર તરીકે સેવા આપી રહ્યા હતા. પ્રોફેસર વિજયકુમાર મલ્હોત્રા, શ્રી કેદારનાથ સાહની જેવા નેતાઓ સાથે મળીને શ્રી ખુરાનાએ દિલ્હીમાં જનસંઘની સ્થાપના કરી. ૧૯૬૫થી ૬૭ સુધી તેઓ જનસંઘના મહામંત્રી પદે રહ્યા. પાર્ટી પ્રત્યેની પોતાની જવાબદારીઓ કર્મઠતાપૂર્વક નિભાવવાના કારણે તેમને દિલ્હીના શેર કહેવામાં આવતા હતા. શ્રી મદનલાલ ખુરાના ૧૯૯૩માં દિલ્હીના મુખ્યમંત્રી બન્યા અને ૧૯૦૬ સુધી આ પદ પર રહ્યા. શ્રી મદનલાલ ખુરાના અટલ બિહારી વાજપેયીની સરકારમાં કેન્દ્રીય મંત્રી તરીકે પણ રહ્યા. તેઓ ૧૪ જાન્યુઆરીથી ૨૮ ઑક્ટોબર ૨૦૦૪ સુધી રાજસ્થાનના રાજ્યપાલ તરીકે પણ રહ્યા.

• • •

શ્રી મદનલાલ ખુરાનાના નિધનથી દુઃખી છું. તેમણે દિલ્હીની પ્રગતિ માટે, વિશેષ કરીને વધુ સારો બુનિયાદી ઢાંચો સુનિશ્ચિત કરવા માટે ઉમદા કામ કર્યું. તેમણે દિલ્હી સરકાર અને કેન્દ્ર સરકાર બંને જગા પર મહેનતુ અને લોકોને અનુકૂળ કામ કરનારા પ્રશાસક તરીકે પોતાની પ્રતિષ્ઠા જમાવી. શ્રી મદનલાલ ખુરાનાજીને અમે હંમેશાં દિલ્હીમાં ભાજપાને મજબૂત કરવા માટે યાદ કરીએ છીએ. તેમણે વિભાજન પછી દિલ્હીમાં શરણાર્થીઓની સેવા માટે અદ્‌ભુત કામ કર્યાં. તેમના પરિવાર અને સમર્થકો પ્રતિ મારી સંવેદના અને એકજુટતા છે.

**- શ્રી નરેન્દ્રભાઈ મોદી, પ્રધાનમંત્રી**

દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અને ભાજપાના વરિષ્ઠ નેતા શ્રી મદનલાલ ખુરાનાજીના નિધનના દુઃખદ સમાચાર મળ્યા. ખુરાનાજીને એક આદર્શ સ્વયંસેવક, વિદ્યાર્થી પરિષદના એક આદર્શ કાર્યકર્તા તથા જનસંઘ અને ભારતીય જનતા પાર્ટીના એક મજબૂત સ્તંભના રૂપમાં યાદ કરવામાં આવશે. દિલ્હીમાં સંગઠનને મજબૂત બનાવવામાં શ્રી ખુરાનાજીની મહત્તમ ભૂમિકા રહી, અને તેઓ 'દિલ્હીના શેર' તરીકે સુપ્રસિદ્ધ થયા. ભાજપાના કરોડો કાર્યકર્તાઓ તરફથી શ્રી ખુરાનાજીના પરિવાર પ્રતિ મારી સંવેદનાઓ પ્રગટ કરું છું તથા દિવંગત આત્માની શાંતિ માટે પ્રાર્થના કરું છું.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

**- શ્રી અમિતભાઈ શાહ, ભાજપા રાષ્ટ્રીય અધ્યક્ષ**

# સ્નેહમિલન કાર્યક્રમની તસવીરો



REGD. NO. GAMC 563/2018-20 VALID UP TO 31-12-2020 RNI NO. 38397/81 MANOGAT LICENCED TO POST WITHOUT PREPAYMENT NO. PMG/HQ/077/2018-20 VALID UP TO 31-12-20 PUBLISHED ON 10th & 25th OF EVERY MONTH AND PERMITTED AT PSO PATRIKA CHANNEL, AHMEDABAD-2 ON EVERY 12/13/14 & 27/28/29 THE Ev

# પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની વિશેષ ઉપસ્થિતિમાં યોજાયેલ કાર્યક્રમોની તસવીરો




**Editor : Publishers :**
Surendrabhai Motilal Patel
on Behalf of
Bharatiya Janta Party-Gujarat Pradesh
Published From
Bharatiya Janta Party-Gujarat Pradesh
J. P. Chowk, Khanpur, Ahmedabad-380001.